RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 196 Dt. 09-02-2026 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# ભારત-મલેશિયા વચ્ચે સેમિકન્ડક્ટર સહિતના ૬ કરાર

## આતંકવાદ મુદ્દે બેવડું વલણ નહીં ચાલે : ભારત મલેશિયામાં પોતાનું નવું કોન્સ્યુલેટ (વાણિજ્ય દૂતાવાસ) પણ ખોલશે : વડાપ્રધાન

નવીદિલ્હી, તા..૮
વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમની હાજરીમાં ભારત અને મલેશિયા વચ્ચે છ મહત્વના કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. કુઆલાલંપુરમાં યોજાયેલી આ દ્વિપક્ષીય મંત્રણા દરમિયાન બંને દેશોએ સાંસ્કૃતિક, આર્થિક અને વ્યૂહાત્મક સહયોગને વધુ ગાઢ બનાવવા સંમતિ દર્શાવી હતી.વડાપ્રધાન મોદીની બે દિવસીય મલેશિયા મુલાકાત દરમિયાન બંને નેતાઓ વચ્ચે વિસ્તૃત ચર્ચા થઈ હતી. વિદેશ મંત્રાલય (MEA)ના જણાવ્યા અનુસાર, આ મુલાકાત ભારત-મલેશિયાની વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને આગળ વધારવાની દિશામાં એક મહત્વનું સીમાચિહ્ન સાબિત થશે. વાતચીતમાં વેપાર, રોકાણ, સેમિકન્ડક્ટર, સંરક્ષણ, સુરક્ષા, દરિયાઈ સહયોગ, ઉર્જા, નવીનીકરણીય સંસાધનો, પ્રવાસન, સાંસ્કૃતિક આદાન-પ્રદાન, ડિજિટલ અને નવી ટેકનોલોજી જેવા અનેક ક્ષેત્રો પર ચર્ચા કરવામાં આવી હતી. બંને નેતાઓએ પરંપરાગત અને ઉભરતા ક્ષેત્રોમાં સહયોગ વધારવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

મુલાકાત દરમિયાન અનેક દ્વિપક્ષીય સમજૂતીઓ અને સહમતિ પત્રો (MoU)નું આદાન-પ્રદાન થયું હતું. જેમાં મુખ્યત્વે સુરક્ષા સહયોગ, યુએન શાંતિ મિશનમાં ભાગીદારી. સેમિકન્ડક્ટર વિકાસ, આરોગ્ય અને તબીબી સેવાઓ. આપત્તિ વ્યવસ્થાપન, ભ્રષ્ટાચાર વિરોધી સહયોગનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત ઓડિયો-વિઝ્યુઅલ સહ-નિર્માણ, વ્યાવસાયિક શિક્ષણ અને મલેશિયામાં કામ કરતા ભારતીય કામદારો માટે સામાજિક સુરક્ષા સંબંધિત કરારો પણ કરવામાં આવ્યા હતા.

વડાપ્રધાન મોદીએ મલેશિયા યુનિવર્સિટી (University Malaya) ખાતે વિશેષ 'થિરુવલ્લુવર કેન્દ્ર' સ્થાપવા અને થિરુવલ્લુવર સ્કોલરશિપ શરૂ કરવાની જાહેરાત કરી હતી. આ પહેલનો હેતુ પ્રાચીન તમિલ કવિ અને દાર્શનિક થિરુવલ્લુવરના શિક્ષણને પ્રોત્સાહન આપવાનો અને સાંસ્કૃતિક સંબંધોને મજબૂત કરવાનો છે. આ સાથે જ ભારત મલેશિયામાં પોતાનું નવું કોન્સ્યુલેટ (વાણિજ્ય દૂતાવાસ) પણ ખોલશે તેવી પણ વડાપ્રધાન દ્વારા જાહેરાત કરવામાં આવી હતી.

આયુર્વેદ ક્ષેત્રે યુનિવર્સિટી ઓફ સાયબરજયા અને ITRA જામનગર વચ્ચેના સહયોગથી આયુર્વેદ અને પરંપરાગત દવા ક્ષેત્રે સંશોધનને વેગ મળશે. ભારતનું NPCI (NIPL) અને મલેશિયાનું PayNet સાથે મળીને પેમેન્ટ સિસ્ટમ વિકસાવશે, જેમાં UPI ને જોડવાની યોજના છે. આનાથી પ્રવાસીઓ અને વેપારીઓ માટે નાણાંની લેવડદેવડ સરળ બનશે. મલેશિયાએ 'ઇન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ'માં જોડાવાની ઔપચારિકતાઓ પૂર્ણ કરી લીધી છે. જે વન્યજીવ સંરક્ષણ માટે મહત્વની પહેલ છે. આ ઉપરાંત, ૧૦મા ભારત-મલેશિયા CEO ફોરમનો રિપોર્ટ પણ બંને વડાપ્રધાનોને સોંપવામાં આવ્યો હતો. જે આર્થિક સંબંધોને વધુ મજબૂત કરવા માટે દિશા-નિર્દેશ આપશે.




### મોદીએ કહ્યું, આતંકવાદ વિરુદ્ધ સહયોગ મજબૂત કરીશું

પીએમ મોદી આજે ભારત-મલેશિયાના ૧૦મા CEO ફોરમમાં પણ ભાગ લેશે. આ ફોરમમાં બંને દેશોના મોટા ઉદ્યોગપતિઓ અને વેપારીઓ સામેલ થશે. આ પ્રસંગે વડાપ્રધાન મોદીએ સંબોધન કર્યું હતું. પોતાના સંબોધનમાં ડ્ખ એ અનેક મામલાને સ્પર્શ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, 'સુરક્ષા ક્ષેત્રમાં અમે આતંકવાદ વિરોધી કાર્યવાહી, ગુપ્ત માહિતીની આપ-લે અને દરિયાઈ સુરક્ષામાં સહયોગને વધુ મજબૂત કરીશું. અમે સંરક્ષણ સહયોગને પણ વધુ વ્યાપક બનાવીશું.' આ ઉપરાંત તેમણે કહ્યું કે, આતંકવાદ મામલે બેવડા ધોરણો ચલાવી લેવામાં આવશે નહી.

### ભારત પાંચ વર્ષમાં ૫૦૦ અબજ ડોલરનો માલ ખરીદશે

# અમેરિકન માલ ખરીદવામાં કોઈ સમસ્યા નહિ : પીયુષ ગોયલ

નવીદિલ્હી, તા..૮
વાણિજ્ય પ્રધાન પિયુષ ગોયલે રવિવારે કહ્યું કે ભારતને આગામી પાંચ વર્ષમાં અમેરિકાથી ૫૦૦ અબજ ડોલરના અમેરિકન માલ ખરીદવામાં કોઈ સમસ્યા નહીં હોય, કારણ કે ભારતની વધતી જતી અર્થવ્યવસ્થા લગભગ ૨ ટ્રિલિયન ડોલરની માંગ પેદા કરશે. તેમણે કહ્યું કે, ભારત અમેરિકાથી લગભગ ૩૦૦ અબજ ડોલરની આયાત કરી શકે છે જે તે હાલમાં અન્ય દેશો પાસેથી ખરીદે છે.

તેમણે કહ્યું કે, આપણે આજે પણ ૩૦૦ અબજ ડોલરની વસ્તુઓ આયાત કરી રહ્યા છીએ જે અમેરિકાથી



આયાત કરી શકાય છે. આપણે દુનિયાભરમાંથી આયાત કરી રહ્યા છીએ. આગામી પાંચ વર્ષમાં તે વધીને બે ટ્રિલિયન થઈ જશે. મેં મારા સમકક્ષોને કહ્યું કે હું તમને ખાતરી આપી શકું છું કે ભારતમાં માંગ છે, પરંતુ તમારે સ્પર્ધાત્મક બનવું પડશે.

તેમણે એમ પણ કહ્યું કે આયાતમાં કોઈપણ નોંધપાત્ર વધારાથી ખેડૂતો અને સ્થાનિક ઉદ્યોગના હિતોનું રક્ષણ કરવા માટે અમેરિકા સાથેના વેપાર કરારમાં પૂરતા રક્ષણાત્મક પગલાં લેવામાં આવ્યા છે. ભારત અને અમેરિકાએ શનિવારે જાહેરાત કરી કે તેઓએ દ્વિપક્ષીય વેપાર કરારના પ્રથમ તબક્કા માટે માળખાને અંતિમ સ્વરૂપ આપી દીધું છે. સંયુક્ત નિવેદન અનુસાર, ભારતે આગામી પાંચ વર્ષમાં ૫૦૦ અબજ ડોલરના યુએસ ઉર્જા ઉત્પાદનો, વિમાન અને વિમાનના ભાગો, કિંમતી ધાતુઓ, ટેકનોલોજી ઉત્પાદનો અને કોકિંગ કોલસો ખરીદવાનો ઈરાદો વ્યક્ત કર્યો છે.

# ભારતે અમેરિકા સમક્ષ સ્વીકારી શરણાગતિ : વિપક્ષ

## ભારત અને અમેરિકા દ્વારા વચગાળાના વેપાર કરાર બાદ વિપક્ષી પક્ષોએ સરકાર પર કર્યા આકરા પ્રહારો

નવીદિલ્હી, તા..૮
ભારત અને અમેરિકા દ્વારા વચગાળાના વેપાર કરારના માળખાની રૂપરેખા આપતું સંયુક્ત નિવેદન બહાર પાડ્યા બાદ, વિપક્ષોએ નરેન્દ્ર મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. વિપક્ષે મોદી પર અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સમક્ષ 'શરણાગતિ' સ્વીકારવાનો અને કૃષિ અને ડેરી જેવા મુખ્ય ક્ષેત્રોમાં ભારતના હિતોને નુકસાન પહોંચાડવાનો આરોપ લગાવ્યો. તેમણે વ્હાઇટ હાઉસના એક્ઝિક્યુટિવ ઓર્ડરની પણ ટીકા કરી જેમાં ભારતને રશિયન તેલ ખરીદવાનું બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

કોંગ્રેસ પાર્ટીએ આરોપ લગાવ્યો કે મોદીએ જેફરી એપસ્ટેઇન સંબંધિત ફાઇલો જાહેર ન થાય તે માટે ટ્રમ્પ સમક્ષ ઝૂકી ગયા છે. એપસ્ટેઇન ફાઇલોથી ડરીને, નરેન્દ્ર મોદીએ સંપૂર્ણપણે ડોનાલ્ડ ટ્રમ્પ સમક્ષ આત્મસમર્પણ કરી દીધું છે. પહેલા, ટ્રમ્પે રશિયા પાસેથી સસ્તા તેલ



ખરીદવા બદલ ભારત પર ૨૫% ટેરિફ લાદ્યો હતો. હવે, તે ટેરિફ ઉઠાવતી વખતે, ટ્રમ્પ સ્પષ્ટ કરી રહ્યા છે કે ભારત રશિયા પાસેથી તેલ ખરીદશે નહીં અને તેના બદલે યુનાઇટેડ સ્ટેટ્સ પાસેથી તેલ ખરીદશે.

કોંગ્રેસે કહ્યું કે મોદીએ ''સમાધાન'' કર્યું છે અને ભારતના નિર્ણયો, ગૌરવ અને રાષ્ટ્રીય હિતોને ટ્રમ્પ સામે મૂકી દેવામાં આવ્યા છે જેથી એપ્સ્ટેઇન ફાઇલ્સમાં જે કંઈ છુપાયેલું છે તે ક્યારેય જાહેર ન થાય.

ભૂતપૂર્વ નાણાં પ્રધાન અને કોંગ્રેસના નેતા પી. ચિદમ્બરમે શુક્રવારે સંયુક્ત નિવેદનમાં કહ્યું કે, ''એક વાત સ્પષ્ટ છે... આ ફ્રેમવર્ક કરાર યુનાઇટેડ સ્ટેટ્સની તરફેણમાં છે, અને તેમાં સ્પષ્ટ અસંતુલન દેખાય છે.

કેન્દ્રીય વાણિજ્ય પ્રધાન પીયૂષ ગોયલે એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે વિદેશ મંત્રાલય રશિયન તેલની ખરીદી અંગે માહિતી પ્રદાન કરશે. તેમણે એમ પણ કહ્યું હતું કે યુએસ સાથેના કરારથી ભારતીય ખેડૂતો કે ડેરી ક્ષેત્રને નુકસાન થશે નહીં.

સીપીઆઈ(એમ) સાંસદ જોન બ્રિટાસે આ કરારને ભારતીય ખેડૂતો સાથે ''વિશ્વાસઘાત'' ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે, તમે ખેડૂતોની આજીવિકા, ઉત્પાદન સુરક્ષા, ઉર્જા સાર્વભૌમત્વ અને તકનીકી સ્વતંત્રતા દાવ પર લગાવી દીધી છે. તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઇત્રાએ મોદી પર ભારતને ''શરણાગતિ ભૂમિ'' બનાવવાનો આરોપ લગાવ્યો. તેમણે એક્ઝિક્યુટિવ ઓર્ડરની ટીકા કરી, જેમાં કહેવામાં આવ્યું છે કે ભારત રશિયન તેલની સીધી કે પરોક્ષ આયાત બંધ કરવા માટે પ્રતિબદ્ધ છે અને વોશિંગ્ટન આના પર દેખરેખ રાખવા માટે એક દેખરેખ પ્રણાલી સ્થાપિત કરશે. તેમણે કહ્યું કે આવી દેખરેખ ભારતીય નીતિગત નિર્ણયોમાં વિદેશી હસ્તક્ષેપ છે. પીયુષ ગોયલની સરકાર કોઈ નક્કર માહિતી પૂરી પાડતી નથી, માત્ર ગ્રાફ અને મોદીજીનું સારું ચિત્ર આપે છે.

# રાજકોટ શહેર ભાજપનું નવું સંગઠન માળખું જાહેર

## પ્રમુખ તરીકે ડો.માધવ દવે રિપીટ : ૮ ઉપપ્રમુખની નિમણુંક : ૩ મહામંત્રીઓ અને ૮ મંત્રીઓની વરણી કરી સોંપાઈ જવાબદારી

રાજકોટ, તા.૮
રાજકોટ શહેર ભારતીય જનતા પાર્ટીનું નવું સંગઠન માળખું સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું છે. સંગઠનને વધુ મજબૂત અને કાર્યક્ષમ બનાવવા માટે પાર્ટી દ્વારા પુનઃરચના કરવામાં આવી છે, જેમાં શહેર ભાજપ પ્રમુખ તરીકે ડો. માધવ દવેને ફરી જવાબદારી સોંપવામાં આવી છે. તેમના નેતૃત્વમાં શહેર સંગઠનને નવી દિશા અને નવી ઊર્જા મળશે તેવી આશા પાર્ટી આગેવાનો વ્યક્ત કરી રહ્યા છે.

નવા માળખામાં કુલ ૮ ઉપપ્રમુખો, ૩ મહામંત્રીઓ અને ૮ મંત્રીઓની નિમણૂક કરવામાં આવી છે. સાથે સાથે શહેર ભાજપના વિવિધ હોદ્દેદારો તેમજ સાતેય મોરચાના પ્રમુખોની પણ વરણી કરવામાં આવી છે. આ સમગ્ર નિમણૂક પ્રક્રિયા પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા તેમજ મોવડી મંડળ સાથે વિસ્તૃત પરામર્શ બાદ કરવામાં આવી હોવાનું જણાવવામાં આવ્યું છે.

પાર્ટીના સૂત્રો મુજબ, સંગઠનમાં અનુભવ અને ઉત્સાહનું સંતુલન જળવાઈ રહે તે દૃષ્ટિએ સક્ષમ અને કાર્યશીલ આગેવાનોને જવાબદારી સોંપવામાં આવી છે. આગામી સમયગાળામાં ચૂંટણી, સંગઠન વિસ્તરણ, સરકારની યોજનાઓને જનજન સુધી પહોંચાડવા અને પ્રજાની વચ્ચે મજબૂત સંપર્ક સાધવા માટે આ માળખું મહત્વપૂર્ણ સાબિત થશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

શહેર ભાજપના નવા માળખાને લઈ કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. પાર્ટી આગેવાનોનું માનવું છે કે ડો. માધવ દવેના નેતૃત્વમાં અને ઉપપ્રમુખ, મહામંત્રી, મંત્રી તેમજ મોરચાના પ્રમુખોની સંકલિત ટીમ સાથે રાજકોટ શહેર ભાજપ વધુ સંગઠિત, શિસ્તબદ્ધ અને જનસંપર્કમાં સક્રિય બનશે તેવું મનાય છે. આ નવા માળખા સાથે શહેરમાં ભાજપનું સંગઠન વધુ શક્તિશાળી બનીને રાજકીય મોરચે અસરકારક ભૂમિકા ભજવશે.



ઉપપ્રમુખોમાં મેહુલભાઈ ડી. નથવાણી, મહેશભાઈ એલ. પીપરીયા, ભાર્ગવભાઈ વી. મિયાત્રા, દીપાબેન વી. કાચા, કેતનભાઈ જી. વાછાણી, કૌશિકભાઈ આર. ચાવડા, સોમાભાઈ આર. ભાલીયા, અને મેઘાબેન કે. વૈષ્ણવનો સમાવેશ થાય છે

મુખ્ય સંગઠન માળખાના ૮ ઉપપ્રમુખો, ૩ મહામંત્રીઓ અને ૮ મંત્રીઓની નિમણૂક કરવામાં આવી છે. જેમાં ઉપપ્રમુખ મેહુલભાઈ ડી. નથવાણી (વોર્ડ ૧૦), મહેશભાઈ એલ. પીપરીયા (વોર્ડ ૧૧), ભાર્ગવભાઈ વી. મિયાત્રા (વોર્ડ ૧૬), દીપાબેન વી. કાચા (વોર્ડ ૨), કેતનભાઈ જી. વાછાણી (વોર્ડ ૧૩), કૌશિકભાઈ આર. ચાવડા (વોર્ડ ૭), સોમાભાઈ આર. ભાલીયા (વોર્ડ ૧૫), અને મેઘાબેન કે. વૈષ્ણવ (વોર્ડ ૮)નો સમાવેશ થાય છે.

મહામંત્રીઓમાં વલ્લભભાઈ પી. દુધાગ્રા (વોર્ડ ૫), લલિતભાઈ જે. વાડોલીયા (વોર્ડ ૧), અને યોગેન્દ્રસિંહ જી. જાડેજા (વોર્ડ ૧૨)ને જવાબદારી સોંપાઈ છે. જાહેર કરાયેલા મંત્રીઓમાં કિશનભાઈ જે. ટીલવા (વોર્ડ ૮), ગેલાભાઈ બી. રબારી (વોર્ડ ૬), સુનિલભાઈ કે. ગોહેલ-SC (વોર્ડ ૧૧), ધર્મિષ્ઠાબેન વાઘેલા (વોર્ડ ૧૪), કિન્નરીબેન કે. ચૌહાણ (વોર્ડ ૬), ચાંદનીબેન ડી. ગોંડલીયા (વોર્ડ ૧૬), નિશાબેન એન. રાણપરા (વોર્ડ ૭), અને અરુણાબેન એચ. પરમાર-SC (વોર્ડ ૯)ની નિમણુક કરાઈ છે. કોષાધ્યક્ષ તરીકે મયુરભાઈ બી. શાહ (વોર્ડ ૭).અને કાર્યાલય મંત્રી તરીકે હિતેશભાઈ એસ. ઢોલરીયા (વોર્ડ ૧૮)ની નિમણુંકો જાહેર કરાઈ છે.

પક્ષના અન્ય વિશેષ વિભાગોમાં સોંપાયેલી જવાબદારીઓમાં સોશીયલ મીડિયા વિભાગમાં શ્યામ પી. ડાભી, આઈ.ટી. વિભાગમાં નીખીલેશ જે. રાઠોડ અને મીડિયા વિભાગમાં હાર્દિક એસ. બોરડની નિમણૂક કરવામાં આવી છે.

પક્ષના વિવિધ મોરચાના પ્રમુખ અને મહામંત્રીઓની રાજકોટ ભાજપ દ્વારા સાત મુખ્ય મોરચાના હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે જેમાં યુવા મોરચોના પ્રમુખ તરીકે મિલન લીંબાસીયાઅને મહામંત્રી તરીકે જયકિશન વી. ઝાલા, હિમાંશુભાઈ જે. રાજ્યગુરુનો સમાવેશ કરાયો છે.

મહિલા મોરચોના પ્રમુખ તરીકે લીનાબેન આર. રાવલ તેમજ મહામંત્રીની કિરણબેન વી. હરસોડા, માધવીબેન એ. જોગીયાને જવાબદારી સોંપાઈ છે. કિસાન મોરચોમાં યોગેશભાઈ જી. ભુવાને પ્રમુખ અને રાજેશભાઈ આર. ડાંગરીયા તેમજ અનીલસિંહ એન. પરમારને મહામંત્રી બનાવાયા છે. બક્ષીપંચ (ઓબીસી) મોરચોના પ્રમુખ તરીકે બાબુભાઈ એમ. માટીયા મહામંત્રી તરીકે મહેશભાઈ એમ. મિયાત્રા, રાજેશભાઈ એલ. સવનીયાની નિમણુક કરાઈ છે.

અનુસૂચિત જાતિ (SC) મોરચોમાં દિનેશભાઈ એમ. ગોહેલને પ્રમુખ તરીકે અને મહામંત્રીઓ તરીકે સંજયભાઈ એલ. બગડા અને અભિષેક ગોરી નિમાયા છે. અનુસૂચિત જન જાતિ (ST) મોરચોમાં પ્રમુખ તરીકે મનોજભાઈ દુબલ તેમજ વિજયભાઈ એચ. રાઠોડ અને જીતેન્દ્રભાઈ વાઘેલાને મહામંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે.

જ્યારે લઘુમતી મોરચોમાં પ્રમુખ તરીકે ઈબ્રાહીમભાઈ એફ. સોની અને વરાયેલા બે મહામંત્રી તરીકે ફિરોજભાઈ ડેલા અને અમનભાઈ એચ. સમાની નિમણુક કરવામાં આવી છે. રાજકોટ શહેર ભાજપના નવા સંગઠન વરણીની નકલ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી, અને પ્રદેશ મહામંત્રી અનીરૂધ્ધભાઈ દવે સહિતના મહાનુભાવોને રવાના કરવામાં આવી છે. ડો. માધવ દવેના જણાવ્યા અનુસાર, નવી ટીમ આગામી સમયમાં સંગઠનના કાર્યોને વેગ આપશે.

# માનસિક શાંતિ માટે ઊંઘ જરૂરી

## અભ્યાસોએ નબળી ઊંઘને ડિપ્રેશન અને ચિંતા સાથે જોડી છે, છતાં કેટલાક લોકો માટે, ઊંઘની સમસ્યાઓ માનસિક સ્વાસ્થ્ય બદલે છે

રાજકોટ, તા. ૮

છેલ્લી વખત જ્યારે તમે સારી રીતે ઊંઘ ન થઈ હતી તે વિશે વિચારો. બીજા દિવસે, તમને કદાચ એવું લાગ્યું હશે કે બધું વધુ મુશ્કેલ લાગતું હતું. તમારો મૂડ સારો ન હતો, તમારી ધીરજ ઓછી હતી, અને તમારા વિચારો એટલા સ્પષ્ટ નહોતા. તે ફક્ત તમારા મગજમાં જ નહોતું. ઊંઘ આપણે કેવી રીતે અનુભવીએ છીએ, વિચારીએ છીએ અને કાર્ય કરીએ છીએ તેના પર અસર કરે છે, અને તે લોકો જે વિચારે છે તેના કરતાં આપણા માનસિક સ્વાસ્થ્ય સાથે વધુ નજીકથી જોડાયેલું છે.

આ સંબંધ બંને રીતે કામ કરે છે. અભ્યાસોએ નબળી ઊંઘને ડિપ્રેશન અને ચિંતા સાથે જોડી છે, છતાં કેટલાક લોકો માટે, ઊંઘની સમસ્યાઓ માનસિક સ્વાસ્થ્ય બદલી રહી છે તેનો પહેલો સંકેત હોઈ શકે છે. ઊંઘથી વંચિત મગજમાં શું થાય છે, જ્યારે આપણે થાકી જઈએ છીએ ત્યારે લાગણીઓને નિયંત્રિત કરવી કેમ મુશ્કેલ બને છે, અને ડિપ્રેશનવાળા કેટલાક લોકો શા માટે ખૂબ ઊંઘે છે જ્યારે અન્ય લોકો બિલકુલ ઊંઘતા નથી. આપણે એ પણ શીખીશું કે સમય કરતાં ઊંઘનું પ્રમાણ ક્યાં વધુ મહત્વનું છે, ઊંઘનો અભાવ ખરેખર શું અર્થ થાય છે, અને કયા વ્યવહારુ પગલાં ખરેખર આપણી ઊંઘ સુધારી શકે છે.

અનિદ્રા અને ઊંઘનો અભાવ એટલે શું એ સમજવું મહત્વપૂર્ણ છે, કારણ કે ઘણીવાર, મીડિયા જેવી જગ્યાએ અને ક્યારેક વૈજ્ઞાનિક લેખોમાં પણ, આ બે શબ્દો એકબીજા સાથે જોડાયેલા હોય છે. આનાથી ઘણી મૂંઝવણ થાય છે અને એવા નિષ્કર્ષો આવે છે જે અપ્રસ્તુત હોય છે. ઊંઘનો અભાવ ત્યારે થાય છે જ્યારે તમારું મગજ ઊંઘવા માટે તૈયાર હોય છે. તમારું મગજ ઊંઘવા માંગે છે, તે ઊંઘવા જઈ રહ્યું છે, પરંતુ કંઈક બાહ્ય તમને ઊંઘતા અટકાવી રહ્યું છે. ઉદાહરણ તરીકે, તમે નવા માતાપિતા છો, અને રડતું બાળક તમને આખી રાત જાગતું રાખે છે, અથવા તમને ત્રાસ આપવામાં આવી રહ્યો છે, અને ત્રાસનો એક પ્રકાર એ છે કે કોઈને ઊંઘથી વંચિત રાખવું અને તેમને જાગૃત રાખવા, જ્યારે તેઓ સૂવા જઈ રહ્યા હોય ત્યારે મોટા અવાજો કરવા જેથી તેઓ ઊંઘી ન શકે. અને ક્યારેક તે ખૂબ જ અપ્રિય પડોશીઓ દ્વારા પણ થઈ શકે છે, જે ઊંઘને અસર કરી શકે છે, જેમ કે ખૂબ જ ઘોંઘાટીયા વાતાવરણમાં રહેવું, ઉદાહરણ તરીકે, શહેરી વાતાવરણમાં.

અને પછી અનિદ્રા છે, અને અનિદ્રા એ છે જ્યારે તમને ઊંઘવાની સંપૂર્ણ તક મળે છે, પરંતુ તમારા મગજની અંદર કંઈક તમને ઊંઘતા અટકાવી રહ્યું છે. તો આ બે ખૂબ જ અલગ બાબતો છે. અને મગજમાં શું થાય છે તે તદ્દન અલગ છે જ્યારે તમારા મગજની અંદર કંઈક તમને ઊંઘતા અટકાવે છે, અને જ્યારે બહાર કંઈક તમને ઊંઘતા અટકાવે છે. હવે, ઊંઘનો અભાવ, જ્યાં બહાર કંઈક તમને ઊંઘતા અટકાવે છે, તે માનવ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. તે હૃદયરોગના હુમલા, અકાળ મૃત્યુ જેવી બાબતો તરફ દોરી શકે છે, ખાસ કરીને જો તે લાંબા સમય સુધી અથવા ગંભીર હોય. હું લોકોને ચિંતા કરવા માંગતો નથી કે રડતા બાળક સાથે એક ખરાબ રાતની ઊંઘ આ બધું કારણ બનશે, પરંતુ અમે અહીં સૌથી ગંભીર પરિસ્થિતિ વિશે વાત કરી રહ્યા છીએ.

અનિદ્રા, મૂળભૂત રીતે, એ છે કે કોઈના મગજમાં એક સમસ્યા છે જે કુદરતી રીતે ઊંઘવાની તેમની ક્ષમતાને અસર કરે છે. અને આ સામાન્ય રીતે સમય જતાં ધીમે ધીમે થાય છે. અને શું થાય છે તે એ છે કે મગજ ખરેખર અનુકૂલન કરે છે. તેથી જે લોકો ક્રોનિક અનિદ્રાને કારણે રાત્રે માત્ર ચાર કલાક ઊંઘે છે તેઓ વાસ્તવમાં લાંબા ગાળાની પ્રતિકૂળ અસરોનો અનુભવ કરશે નહીં જેમને ક્રોનિક ઊંઘનો અભાવ છે, કારણ કે મગજ ખરેખર ઓછી ઊંઘ લેવા અને તે ઊંઘ, તે સારી ગુણવત્તાવાળી ઊંઘ, ટૂંકા ગાળામાં પૂર્ણ કરવા માટે અનુકૂળ થઈ ગયું છે. તેથી મને લાગે છે કે તે પહેલી વસ્તુ છે જે સ્પષ્ટ રીતે સમજવી ખૂબ જ મહત્વપૂર્ણ છે.



### દર કલાકે લગભગ ૧૦ થી ૧૫ વખત જાગીએ છીએ

તો આ ખરેખર રસપ્રદ છે, અને મોટાભાગના લોકો, જેમાં ઊંઘના નિષ્ણાતો અને અન્ય નિષ્ણાતોનો પણ સમાવેશ થાય છે, આ જાણે છે, પરંતુ માનસિક સ્વાસ્થ્ય, મનોચિકિત્સા અને દવાના નિષ્ણાતો પણ જ્યારે આ કહું છું ત્યારે ખૂબ જ આશ્ચર્યચકિત થાય છે. હકીકતમાં, આપણે દર કલાકે લગભગ ૧૦ થી ૧૫ વખત જાગીએ છીએ, બધા જ. તો આ એક ઉત્ક્રાંતિની વાત છે. આનું કારણ એ છે કે છેલ્લા કેટલાક હજાર, હજારો વર્ષોમાં આપણા મગજમાં ખૂબ જ ઓછો ફેરફાર થયો છે. તેથી આપણા મગજ હજુ પણ ગુફાઓમાં સૂતા હતા તેવા જ રહેવા માટે રચાયેલ છે, તેમને સતર્ક રહેવાની જરૂર છે; તેઓ બંધ દરવાજાવાળી જગ્યાએ રહેવા માટે રચાયેલ નથી. તેથી આપણે ઘણી વાર જાગીશું, આસપાસ જોશું, ખાતરી કરીશું કે આપણે સુરક્ષિત છીએ, અને પછી પાછા સૂઈ જઈશું. આવું હજુ પણ થાય છે. તેથી દર કલાકે ઘણી વાર, તમે જાગી જશો, ખૂબ જ ઝડપથી આસપાસ નજર નાખશો, અને પછી તમે સીધા સૂઈ જશો. અને તે એક કારણ છે કે આપણે ક્યારેય પથારીમાંથી પડતા નથી, કારણ કે તમે સતત જાગતા રહો છો અને તમને ખબર છે કે પથારીની ધાર ક્યાં છે, અને તમે તમારી સ્થિતિને થોડી ગોઠવતા રહો છો.

### ઊંઘ દરમિયાન, આપણે આ ઊંઘ ચક્રમાંથી પસાર થઈએ છીએ

ઘણી ખરી વખત ઊંઘ દરમિયાન લોકો ઊંઘ ચક્ર માંથી પસાર થતા હોય છે એટલું જ નહીં ખૂબ જ હળવી ઊંઘમાંથી ગાઢ ઊંઘમાં જઈએ છીએ. આપણે તેને ત્રીજા કે ચોથા તબક્કાની ઊંઘ કહીએ છીએ. અને પછી આપણે હળવી ઊંઘમાં પાછા આવીએ છીએ. આમાં સામાન્ય રીતે લગભગ દોઢ કલાક લાગે છે. પછી આપણે છીછીખ ઊંઘમાં જઈએ છીએ, જે ઊંઘનો સૌથી હળવો તબક્કો છે જ્યાં આપણે સપના જોઈએ છીએ. અને પછી આપણે ફરીથી નીચે જઈએ છીએ. બીજી વાર, આપણે લાંબા સમય સુધી ગાઢ ઊંઘમાં જતા નથી. તેથી, તમારી સૌથી ઊંડી ઊંઘ રાત્રિના પહેલા દોઢ કલાકમાં થાય છે. તમને રાત્રિના બીજા દોઢ કલાકમાં થોડી ઊંડી ઊંઘ આવે છે, અને સામાન્ય રીતે તે પછી વધુ ઊંડી ઊંઘ આવતી નથી. તેથી, તમે ફક્ત ખૂબ જ હળવી ઊંઘ, બીજા તબક્કા, જે હજુ પણ ખૂબ હળવી હોય છે, અને REM ઊંઘ વચ્ચે ચક્ર કરો છો. તેથી, તમે રાત્રિના બીજા ભાગમાં સૌથી વધુ સપના જુઓ છો, અને તમે પહેલા ત્રણ કલાકમાં સૌથી ઊંડી ઊંઘમાં છો. આ એક કારણ છે કે અનિદ્રા ધરાવતા લોકોને વધુ ઊંઘ આવતી નથી કારણ કે તેમના મગજ રાત્રિના પહેલા ભાગમાં તે સારી ગુણવત્તાની ઊંઘને બંધબેસતી કરવા માટે અનુકૂળ થઈ ગયા છે.

# હવા પ્રદુષણ ઘરમાં રહેતા લોકોને પણ કરે છે અસર

## ભારત જેવા દેશમાં, જ્યાં ઘરોમાં ઘણીવાર યોગ્ય વેન્ટિલેશનનો અભાવ હોય છે, ત્યાં આ પ્રદૂષકોની અસર વધુ ગંભીર છે, વધુમાં, PM ૨.૫ રહેવાસીઓને બીમાર પણ કરી રહ્યું છે



રાજકોટ તા. ૮

આપણે ઘણીવાર વિચારીએ છીએ કે ઘર આપણા માટે સૌથી સુરક્ષિત સ્થળ છે. દરવાજા બંધ કરીને અને બારીઓ બંધ કરીને, આપણે ધારીએ છીએ કે આપણા પરિવારને નુકસાન નહીં થાય. પરંતુ સત્ય એ છે કે આપણા ઘરની અંદરની હવા ઘણીવાર બહારની હવા કરતાં વધુ પ્રદૂષિત થઈ શકે છે. ધૂળ, ધુમાડો, ફર્નિચરમાંથી રસાયણો, રસોઈ દરમિયાન ઉત્પન્ન થતા નાના કણો અને સફાઈમાંથી નીકળતા હાનિકારક વાયુઓ - આ બધા ધીમે ધીમે આપણા સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડે છે. ભારત જેવા દેશમાં, જ્યાં ઘરોમાં ઘણીવાર યોગ્ય વેન્ટિલેશનનો અભાવ હોય છે, ત્યાં આ પ્રદૂષકોની અસર વધુ ગંભીર બને છે. વધુમાં, ꩿખ ૨.૫ રહેવાસીઓને બીમાર પણ બનાવી રહ્યું છે. લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાથી બાળકોમાં એલર્જી અને અસ્થમા, પુખ્ત વયના લોકોમાં ફેફસાના રોગો અને હૃદય રોગ અને ન્યુરોલોજીકલ સમસ્યાઓ પણ થઈ શકે છે.

ખરાબ ઘરની હવા ધીમે ધીમે આપણા શરીરને અસર કરે છે. આનાથી સતત માથાનો દુખાવો, થાક અને અનિદ્રા, આંખો, નાક અને ગળામાં બળતરા, વારંવાર ખાંસી, છીંક આવવી અથવા એલજીર્ક પ્રતિક્રિયાઓ, ત્વચા પર ફોલ્લીઓ અથવા બળતરા, બાળકોમાં નવી એલર્જી અથવા અસ્થમા, માનસિક થાક, યાદશક્તિમાં ઘટાડો અને એકાગ્રતામાં ઘટાડો થઈ શકે છે. જો આ લક્ષણો ફક્ત ઘરની અંદર જ દેખાય અને બહાર જાઓ ત્યારે ઓછા થઈ જાય, તો તે સિક બિલ્ડિંગ સિન્ડ્રોમ, ઘરની અંદરની હવા સંબંધિત બીમારીનો સંકેત હોઈ શકે છે.

### ઘરની હવાને સુરક્ષિત બનાવવાના પગલાં

૧. દરરોજ ૧૫-૨૦ મિનિટ માટે બારીઓ ખોલો.

૨. રસોઈ બનાવતી વખતે એક્ઝોસ્ટ ફેનનો ઉપયોગ કરો.

૩. ઈંઉડ્અ ફિલ્ટર સાથે એર પ્યુરિફાયર ઈન્સ્ટોલ કરો.

૪. ઘરની અંદર ભેજ ૫૦ ટકાથી ઓછો રાખો.

૫. ફર્નિચર અને પેઇન્ટમાંથી રસાયણો ટાળો.

૬. સુગંધિત ક્લીનર્સ અને એર ફ્રેશનર્સને બદલે કુદરતી વિકલ્પો પસંદ કરો. છોડનો ઉપયોગ કરો; કેટલાક છોડ હવામાંથી પ્રદૂષકોને શોષી શકે છે.

૭. હવા ગુણવત્તા મોનિટરિંગ એપ્લિકેશન્સ વડે હવાની ગુણવત્તાનું નિરીક્ષણ કરો.

### PM ૨.૫ રહેવાસીઓને પણ બીમાર બનાવી રહ્યું છે

૧. રસોઈમાંથી ધુમાડો અને કણો : જ્યારે આપણે ખોરાકને ફ્રાય કરીએ છીએ અથવા ગ્રીલ કરીએ છીએ, ત્યારે નાના ધૂળ અને ધુમાડાના કણો (PM2.5) હવામાં છોડવામાં આવે છે. આ કણો એટલા નાના હોય છે કે તે ફેફસાં સુધી પહોંચી શકે છે અને લોહીના પ્રવાહમાં પણ પ્રવેશી શકે છે.

૨. ફર્નિચર અને બાંધકામ સામગ્રીમાંથી રસાયણો: પાર્ટિકલ બોર્ડ, પ્લાયવુડ અને કેટલાક પેઇન્ટ ફોર્માલ્ડીહાઇડ જેવા હાનિકારક વાયુઓ છોડે છે. કારણ કે આ રસાયણો ગંધહીન હોય છે, તેથી આપણે ઘણીવાર તેમના પર ધ્યાન આપતા નથી.

૩. સફાઈ ઉત્પાદનો અને એર ફ્રેશનર્સ : સામાન્ય ઘરગથ્થુ સફાઈ ઉત્પાદનો, એર ફ્રેશનર્સ અને કોસ્મેટિક્સ અસ્થિર કાર્બનિક સંયોજનો (VOCs) છોડે છે. લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાથી માથાનો દુખાવો, આંખમાં બળતરા, એલર્જી અને કેન્સરનું જોખમ વધી શકે છે.

૪. ભીનાશ અને ફૂગ : ઘરની અંદર ખૂબ ભેજ હોય ત્યારે ફૂગ ખીલે છે. ફૂગ અને તેના માયકોટોક્સિન તમારી શ્વસનતંત્ર અને રોગપ્રતિકારક શક્તિને નબળી બનાવી શકે છે.

૫. પાળતુ પ્રાણી અને ધૂળ : પાળતુ પ્રાણીના વાળ, ખંજવાળ અને પેશાબમાં રહેલા પ્રોટીન હવામાં રહેલા એલર્જન બની જાય છે. ઝીણી ધૂળ અને મૃત ત્વચા કોષો પણ એલર્જી અને અસ્થમાનું જોખમ વધારે છે.

૬. કાર્બન મોનોક્સાઇડ અને રેડોન : બંને રંગહીન, ગંધહીન અને અત્યંત ખતરનાક વાયુઓ છે. ઓછી માત્રામાં પણ માથાનો દુખાવો, થાક અને ચક્કર આવી શકે છે. મોટી માત્રામાં, તે જીવલેણ બની શકે છે.

# આયુષ્ય વધારવા શારીરિક શ્રમ અક્ષીર ઈલાજ

## શારીરિક કસરતથી હૃદય રોગ, શ્વસન રોગ, કેન્સર અને અન્ય કારણોથી મૃત્યુનું જોખમ ૧૩-૧૪ ટકા ઓછું

રાજકોટ, તા. ૮

હાલ નાની ઉંમરે લોકો અને નવ યુવાનોમાં ગંભીર રોગોનું પ્રમાણ વધી રહ્યું છે તેની પાછળ તેમનું જીવન ચક્ર અને જીવનશૈલી ખૂબ મહત્વનો ભાગ ભજવે છે વૈશ્વિક સ્તર પર વિવિધ વિશ્લેષકો દ્વારા અનેકવિધ રિસર્ચ કરવામાં આવતા હોય છે પરંતુ હાલ એ વાતનો મુદ્દો ચર્ચામાં રહ્યો છે કે શારીરિક પ્રવૃત્તિ જો આજનું યુવાધન વધારે તો તેઓનું જીવન ચક્ર પણ સુધરી શકે છે. સંશોધકોએ બે મોટા અભ્યાસો - નર્સીસ હેલ્થ સ્ટડી અને હેલ્થ પ્રોફેશનલ્સ ફોલો-અપ સ્ટડી - માંથી ડેટાનું વિશ્લેષણ કર્યું જેમાં ૧૭૩,૦૦૦ થી વધુ સહભાગીઓનો સમાવેશ થતો હતો. વર્તમાન અભ્યાસમાં ૧૧૧,૦૦૦ થી વધુ સહભાગીઓના ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. બંને અભ્યાસોમાં, સહભાગીઓની શારીરિક પ્રવૃત્તિનું ૩૦ વર્ષથી વધુ સમય માટે મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. સહભાગીઓને ચોક્કસ પ્રવૃત્તિઓમાં તેમની ભાગીદારી વિશે પૂછવામાં આવ્યું હતું.

શારીરિક પ્રવૃત્તિ અને આયુષ્ય પર તેની સંભવિત અસર, કારણ કે તે એક જીવનશૈલી પરિબળ છે જેને અકાળ મૃત્યુ અટકાવવા માટે સુધારી શકાય છે. આનુવંશિક રચનાથી વિપરીત, જેને તમે બદલી શકતા નથી, લોકો રોગથી બચવા અને લાંબું જીવવા માટે વધુ કસરત કરવાનું પસંદ કરી શકે છે,હુએ સમજાવ્યું. સંગ્રહિત સંશોધન દર્શાવે છે કે મોટાભાગના ક્રોનિક રોગો સારા આહાર અને જીવનશૈલી પસંદગીઓ દ્વારા મોટાભાગે અટકાવી શકાય છે. જાહેર આરોગ્ય સંશોધકો તરીકે, અમારું ધ્યેય રોગને રોકવા અને જીવનની ગુણવત્તા સુધારવાના રસ્તાઓ શોધવાનું ચાલુ રાખવાનું છે, જેથી લોકો લાંબુ જીવી શકે.



અભ્યાસના અંતે, સંશોધકોએ શોધી કાઢ્યું કે સ્વિમિંગ સિવાય કુલ શારીરિક પ્રવૃત્તિ અને મોટાભાગની અન્ય પ્રકારની શારીરિક પ્રવૃત્તિ, કોઈપણ કારણોસર મૃત્યુના ઓછા જોખમ સાથે સંકળાયેલી હતી. જોકે, વૈજ્ઞાનિકોએ નોંધ્યું કે આ જોડાણો રેખીય નહોતા - ચોક્કસ કલાકો સુધી પહોંચ્યા પછી કુલ શારીરિક પ્રવૃત્તિનું સ્તર ઘટ્યું.શારીરિક પ્રવૃત્તિ જેવા સ્વસ્થ જીવનશૈલી પરિબળો માટે વિવિધ ફાયદા જોવા મળે છે, કારણ કે કસરતનું સ્તર વધવાથી જોખમ શૂન્ય થઈ જશે તેવી અપેક્ષા તમે રાખશો નહીં. વધુમાં, વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યું કે જે સહભાગીઓ વધુ શારીરિક પ્રવૃત્તિમાં રોકાયેલા હતા તેમને મૃત્યુનું જોખમ ઓછું હતું. જે લોકો સૌથી વધુ શારીરિક પ્રવૃત્તિમાં રોકાયેલા હતા તેમને બધા કારણોસર મૃત્યુનું જોખમ ૧૯% ઓછું હતું, અને હૃદય રોગ, શ્વસન રોગ, કેન્સર અને અન્ય કારણોથી મૃત્યુનું જોખમ ૧૩-૧૪% ઓછું હતું.

આ એક ખૂબ જ નવી શોધ છે કે સમાન કુલ પ્રવૃત્તિ સ્તરે વધુ પ્રવૃત્તિઓમાં જોડાવાથી દીર્ઘાયુષ્ય માટે વધારાના સ્વાસ્થ્ય લાભો મળી શકે છે, હુએ કહ્યું. આનો અર્થ એ છે કે કુલ શારીરિક પ્રવૃત્તિનું ઉચ્ચ સ્તર જાળવી રાખવું હજુ પણ મહત્વપૂર્ણ છે, પરંતુ પૂરક સ્વાસ્થ્ય લાભો ધરાવતી વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓનું સંયોજન અકાળ મૃત્યુને રોકવામાં વધુ અસરકારક હોઈ શકે છે. તેમણે ઉમેર્યું, લગભગ બધી સામાન્ય રીતે કરવામાં આવતી શારીરિક પ્રવૃત્તિઓને આદતમાં સમાવિષ્ટ કરવી અકાળ મૃત્યુને રોકવા અને આયુષ્ય વધારવા માટે ફાયદાકારક છે.કુલ શારીરિક પ્રવૃત્તિનું ઉચ્ચ સ્તર જાળવી રાખવું મહત્વપૂર્ણ છે, અને વધુમાં, પ્રવૃત્તિઓના પ્રકારોને વૈવિધ્યીકરણ કરવું વધુ ફાયદાકારક હોઈ શકે છે.

આપણા શરીરમાં આ અદ્ભુત પ્લાસ્ટિસિટી છે, અને આપણે તેને ઘણી અલગ અલગ રીતે સક્રિય કરી શકીએ છીએ, બિન-અસરકારક કસરતોથી લઈને સંતુલન, શક્તિ, પ્રતિકાર અને શરીરના વજનની કસરતો સુધી. દોડવું, દોડવું, સાયકલ ચલાવવું અને તરવું એ બધાની શક્તિશાળી અસરો હોય છે.

# એનર્જી ડ્રિંક કિડનીનું સૌથી મોટું દુશ્મન

## ખાંડ અને કેફીનનું પ્રમાણ વધુ હોવાથી કિડની પર વધે છે સોજો : વધુ સેવન રક્ત ચોખ્ખું કરવામાં પણ બને છે અવરોધરૂપ

રાજકોટ, તા. ૮

આજકાલ, લોકો ઇચ્છે છે કે દરેક વસ્તુની તાત્કાલિક અસર થાય. બજારમાં ઉપલબ્ધ એનર્જી ડ્રિંક્સ દ્વારા આ માનસિકતાને પ્રોત્સાહન આપવામાં આવે છે, જે તાત્કાલિક ઉર્જા પ્રદાન કરે છે. આ પીણાંમાં સામાન્ય રીતે ખાંડ અને કેફીનનું પ્રમાણ વધુ હોય છે, જે પીવાથી શરીરને ઉર્જાનો અનુભવ કરાવી શકે છે. જો કે, આ ઉર્જા વાસ્તવિક ઉર્જા નથી, પરંતુ શરીર પર તણાવનું એક સ્વરૂપ છે. એનર્જી ડ્રિંક્સમાં રહેલા કેફીન, ખાંડ અને પ્રિઝર્વેટિવ્સ એકસાથે કિડનીની બળતરા વધારે છે અને લોહીમાંથી ઝેરી તત્વોને ફિલ્ટર કરવાની તેમની ક્ષમતાને નબળી પાડે છે. સાઉથ ડાકોટા સ્ટેટ યુનિવર્સિટીએ ૨૦૦૮ અને ૨૦૨૦ વચ્ચે વિશ્વભરમાં હાથ ધરાયેલા અભ્યાસોની સમીક્ષા કરી. ૧૫ થી વધુ વૈજ્ઞાનિક અભ્યાસોના આધારે, એવું બહાર આવ્યું છે કે એનર્જી ડ્રિંક્સ કિડની પર વધારાનો તાણ લાવે છે અને કિડની, લીવર અને હૃદયને લાંબા ગાળાના નુકસાન પહોંચાડી શકે છે. નિષ્ણાતો કહે છે કે ઘણા કિસ્સાઓમાં, આ પીણાં દારૂ અને સોડા કરતાં પણ વધુ ખતરનાક છે.





જ્યારે આલ્કોહોલ શરીરને ડિહાઈડ્રેટ કરે છે અને સોડા ખાંડનો ભાર વધારે છે, ત્યારે એનર્જી ડ્રિંક્સ બંનેનું મિશ્રણ છે. આ એક સાથે ડિહાઈડ્રેશન અને બ્લડ સુગર વધારે છે. કિડનીને વધુ મહેનત કરવી પડે છે, જે ફિલ્ટરિંગ યુનિટ્સને થાકે છે, બળતરા વધારે છે અને નુકસાનનું જોખમ વધારે છે. એનર્જી ડ્રિંક્સમાં હાઇ-ફ્રુક્ટોઝ કોર્ન સીરપ, કેફીન, ટૌરિન, કૃત્રિમ સ્વીટનર્સ અને સોડિયમ બેન્ઝોએટ જેવા રસાયણો હોય છે. આ ઘટકો કિડનીના કોષોમાં ઓક્સિડેટીવ તણાવ વધારે છે. આ રસાયણોનું વારંવાર ફિલ્ટરિંગ કરવાથી સૂક્ષ્મ ઇજાઓ થાય છે, જે ધીમે ધીમે ક્રોનિક કિડની રોગમાં પ્રગતિ કરી શકે છે.

હાઇ-ફ્રુક્ટોઝ ખાંડ ઝડપથી શરીરમાં યુરિક એસિડ વધારે છે, જે સીધા કિડની ફિલ્ટર્સ પર હુમલો કરે છે. આ કિડનીમાં બળતરા, હાઈ બ્લડ પ્રેશર અને કિડનીમાં પથરીઓનું જોખમ વધારે છે. બીજી બાજુ, કૃત્રિમ ખાંડ ચયાપચયને ખોટી રીતે દિશામાન કરે છે, વાસ્તવિક ઊર્જા પૂરી પાડતી નથી, અને સ્થૂળતા, ફેટી લીવર અને ઈન્સ્યુલિન પ્રતિકારમાં ફાળો આપે છે. આખરે, કિડની બોજ સહન કરે છે. એનર્જી ડ્રિંક્સના દૈનિક સેવનથી શરીરમાં ક્રોનિક બળતરા થઈ શકે છે. શરૂઆતમાં લક્ષણો દેખાતા નથી, પરંતુ કિડનીને નુકસાન થતું રહે છે. કેફીન બ્લડ પ્રેશર વધારે છે, લોહીને જાડું કરે છે અને સમય જતાં, કિડનીની ફિલ્ટરિંગ ક્ષમતા ઘટાડે છે. એનર્જી ડ્રિંક્સ પીવાથી વ્યક્તિને જે ઊર્જા મળે છે તે વાસ્તવમાં મગજમાં થાકના સંકેતોને દબાવવાનું પરિણામ છે. શરીર થાકેલું રહે છે, પણ મગજ તેને સમજી શકતું નથી. આનાથી હોર્મોનલ અસંતુલન, હાઈ બ્લડ પ્રેશર અને નબળી રોગપ્રતિકારક શક્તિ થાય છે.

જો કોઈ વ્યક્તિ દરરોજ એનર્જી ડ્રિંક્સનું સેવન કરે છે, તો તેણે તરત જ તેનો ઉપયોગ બંધ કરી દેવો જોઈએ. દિવસમાં ૨.૫-૩ લિટર પાણી પીવું, મીઠું અને પ્રોસેસ્ડ ખોરાકનું સેવન ઓછું કરવું, બ્લડ પ્રેશર અને કિડની ટેસ્ટ કરાવવું, કેફીન મર્યાદિત કરવું અને દરરોજ હળવું ચાલવું. કુદરતી ઉર્જા માટે, લીંબુ પાણી, નાળિયેર પાણી, છાશ, ફળો, સ્પ્રાઉટ્સ અને સૂકા ફળો સારા વિકલ્પો છે.

### ચા બનાવવા જેવી નજીવી બાબત જીવલેણ સાબિત

# સાવકા પુત્રના હાથે પાલક પિતાની હત્યા : ધરપકડ

## બગસરાના મુંજયાસર ગામનો બનાવ : વચ્ચે પડેલા મૃતકની પત્ની-પુત્રી ઉપર પણ હુમલો

રાજકોટ, તા.૮
અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના મુંજયાસર ગામની સીમ વિસ્તારમાં એક હૃદયદ્રાવક અને ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. ઘરઆંગણે થતી સામાન્ય વાતચીત અને રોજિંદી જરૂરિયાત જેવી 'ચા બનાવવાની' બાબતને લઈને શરૂ થયેલો નાનો ઝઘડો અંતે એક નિર્દોષ વૃદ્ધ-પાલક પિતાની હત્યા સુધી પહોંચી ગયો હતો. પારિવારિક સંબંધોમાં રહેલી સંવેદનશીલતા અને સંયમની કમી કેવી રીતે જીવલેણ બની શકે છે, તેનું આ બનાવ જીવતું ઉદાહરણ બન્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, મુંજયાસર ગામની સીમમાં રહેતા રમણભાઈ કટારા પોતાના પાલક પુત્ર સુરેશ મસારા સાથે રહેતા હતા. ઘરકામકાજ દરમિયાન ચા બનાવવા જેવી સામાન્ય બાબતે બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. શરૂઆતમાં મામૂલી લાગતો વિવાદ ધીમે ધીમે ઉગ્ર બનતો ગયો અને ગુસ્સામાં ભરાયેલા સુરેશ મસારે સંયમ ગુમાવી દીધો હતો. ઉશ્કેરાયેલા હાલતમાં તેણે નજીકમાં પડેલા બોથડ પદાર્થ વડે રમણભાઈના માથાના ભાગે જોરદાર ઘા ઝીંકી દીધો હતો.

આ હુમલો એટલો ગંભીર અને ઘાતક સાબિત હતો રમણભાઈ કટારાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. એક પિતા, જેણે પાલક બની પુત્રને આશરો આપ્યો, એ જ ઘરમાં પોતાના જ પુત્રના હાથે જીવન ગુમાવ્યું જેવી ઘટનાથી જાણકારોમાં અરેરાટી વ્યાપી છે.

ઘટનાની જાણ થતા બગસરા પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી આરોપી સાવકા પુત્ર સુરેશ મસારાની ધરપકડ કરી છે. પોલીસ દ્વારા વધુ પૂછપરછ અને કાયદેસરની કાર્યવાહી ચાલુ છે.

પોલીસને એવી પણ વિગતો સાંપડી હતી કે, સાવકા પુત્રે પિતાનું ઢીમ ઢાળ્યું ત્યારે વચ્ચે પડેલા સુરેશની માતા સીતાબેન અને રમણભાઈની પુત્રી અસ્મિતા પણ ઘાયલ થઈ હતી. ઈજાગ્રસ્ત બંનેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

ઘટનાની જાણ થતા જ અમરેલી ડીવાયએસપી ચિરાગ દેસાઈ સહિતના ઉચ્ચ અધિકારીઓ અને બગસરા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. બગસરા પોલીસે ગણતરીના કલાકોમાં જ સાવકા પુત્ર સુરેશ મસારની ધરપકડ કરી લીધી છે. પોલીસે હત્યા અને હુમલાનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




# મહાશિવરાત્રીના મેળામાં ભાવિકોની સુરક્ષા માટે ચાર ટ્રેકર્સ પાર્ટી રહેશે તૈનાત

### વન વિભાગ વન વિસ્તારના સંરક્ષણ અને ભાવિકોની સુરક્ષા માટે સજ્જ : વન વિભાગના કર્મચારીઓને વાયરલેસ સેટ- વોકટોકીની સુવિધા સાથે ફરજ સોંપાઈ



રાજકોટ, તા. ૮
ગરવા ગિરનારની ગોદમાં ૧૧મી ફેબ્રુઆરીથી મહાશિવરાત્રીનો મેળો શરૂ થઇ રહ્યો છે, ત્યારે વન વિભાગ વન્યજીવ અને વનવિસ્તારના ઉપરાંત ભાવિકોની સુરક્ષા સલામતી માટે પણ સજ્જ બન્યો હોવાની વિગતો મળી રહી છે.

આ વર્ષે રાજ્ય સરકારના પ્રયાસોથી મહાશિવરાત્રીનો મેળો મહામેળો બનાવવાનું અગાઉ જાહેર કરી દેવાયું છે ત્યારે લાખોની સંખ્યામાં યાત્રાળુઓ આવવાના શક્યતાઓને ધ્યાને લઈ વન વિભાગ દ્વારા સુચારુ આયોજન કરવામાં આવ્યું છે.

મેળા દરમિયાન મુખ્ય કેન્ટ્રોલ રૂમ દતચોક ભવનાથ ખાતે તેમજ પાંચ જગ્યાએ રાવટી રાખવામાં આવી છે. વન્ય પ્રાણીઓ દ્વારા યાત્રાળુઓને ઈજા/નુકશાન ન થાય તે હેતુસર ચાર જગ્યાએ ટ્રેકર્સ પાર્ટી તેમજ અલગ અલગ જગ્યાએ વન્યપ્રાણી મિત્રો, સ્વયં સેવકો તેમજ રોજમદાર સ્ટાફને જરૂરી સાધન સામગ્રી સાથે તૈનાત રહેશે. દવ ના લાગે તેની તકેદારી માટે દવ રક્ષકોને રાખવામાં આવ્યા છે.

મેળા દરમ્યાન વન્યજીવ અને વન વિસ્તારના સંરક્ષણ તેમજ યાત્રિકોની સુવિધા અને સલામતી માટે વન વિભાગના કર્મચારીઓને વાયરલેસ સેટ-વોકટોકીની સુવિધા સાથે ફરજ સોંપવામાં આવી છે. મુખ્ય રાવટી તેમજ અભયારણ્યમાં અલગ અલગ જગ્યાએ જન જાગૃતિ અર્થે હોર્ડિંગ્સ બેનર તથા નોટીસ બોર્ડ પણ લગાવવામાં આવ્યા છે. તેમજ સુકુ સરપણ રાહત ભાવે વેચાણ-વિતરણની વ્યવસ્થા કરવામાં આવી છે. મેળા દરમ્યાન રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન તેમજ અન્ય શંકાસ્પદ જગ્યાઓ ઉપર વન વિભાગની ટીમ દ્વારા પોલીસ વિભાગ સાથે સંકલનમાં રહી શંકાસ્પદ શખ્શોની ચકાસણી કરવામાં આવે છે.

શિવરાત્રી મેળો પૂર્ણ થયા બાદ વન વિભાગ દ્વારા ગિરનાર અભયારણ્ય વિસ્તારમાં ફેંકવામાં આવેલા પ્લાસ્ટીક અનેઅન્ય કચરાની સાફ સફાઈની કામગીરી હાથ ધરવામાં આવશે.

યાત્રિકોને વન વિભાગની કાયદાકીય જોગવાઈનો પાલન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે, ગિરનારમાં પ્લાસ્ટીક કે પ્લાસ્ટીકની બનાવટના ઉપયોગ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ છે. અનેતેનું પાલન કરવું અનિવાર્ય જાહેર કરાયું છે. ઉપરાંત ગિરનાર વન્યપ્રાણી અભયારણ્ય વિસ્તાર હોય વન્યજીવોને નુકશાન કરવું-છંછેડવા -હથિયારો-સ્ફોટક પદાર્થો સાથે રાખવા, વગર પરવાનગીએ અભયારણ્ય વિસ્તારમાં પ્રવેશ કરવો કે, વન્યપ્રાણીઓને ખલેલ થાય તેવા યંત્રોનો ઉપયોગ કરવા પણ કાયદાકીય પ્રતિબંધ લદાયો છે. તેનું ઉલ્લંઘન કરનાર સામે ભા.વ.સ.અ.-૧૯૭૨ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

અન્ય કોઈ સુચના માટે લાયઝન અધિકારી અને મદદનીશ વન સંરક્ષક, જૂનાગઢ વન વિભાગ- જૂનાગઢનો મો. ૮૨૦૦૫ ૪૨૯૯૬ સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# હોળી-ધૂળેટીના તહેવારોને અનુલક્ષીને ૨૪ ટ્રેનના ફેરા લંબાવતું રેલ્વે તંત્ર

## તહેવારો દરમિયાન વતનમાં આવન-જાવન કરતા મુસાફરો માટે ખુશખબર

રાજકોટ, તા.૮
હોળી અને ધૂળેટીના આગામી તહેવારોમાં વતન જનારા મુસાફરો માટે રેલવેએ રાહતભર્યા સમાચાર આપ્યા છે. પશ્ચિમ રેલવેએ મુસાફરોની સુવિધા અને વધારાના ટ્રાફિકને ધ્યાનમાં રાખીને વિવિધ રૂટ પર ચાલતી ૧૨ જોડી એટલે કે ૨૪ સ્પેશિયલ ટ્રેનોના સમયગાળાને લંબાવી દીધો છે. આ ટ્રેનો માર્ચ ૨૦૨૬ના અંત સુધી દોડશે જેથી મુસાફરોને તહેવારમાં અવરજવર માટે સરળતા રહેશે, ખાસ કરીને સૌરાષ્ટ્ર થી મુંબઈ જનારા લોકોને વધુ ફાયદો મળશે.



૯ જોડી ટ્રેનોના ફેરા લંબાવવામાં આવ્યા તેમાં બાંદ્રા ટર્મિનસ - ભાવનગર સ્પેશિયલઃ ટ્રેન નં. ૦૯૨૦૭/૦૯૨૦૮ (સાપ્તાહિક), બાંદ્રા ટર્મિનસ - ગાંધીધામ સુપરફાસ્ટ સ્પેશિયલઃ ટ્રેન નં. ૦૯૪૧૫/૦૯૪૧૬ (સાપ્તાહિક), બાંદ્રા ટર્મિનસ - ભુજ સુપરફાસ્ટ સ્પેશિયલઃ ટ્રેન નં. ૦૯૦૩૭/૦૯૦૩૮ (દ્રી-સાપ્તાહિક) અને ૦૯૦૦૯/૦૯૦૧૦ (સાપ્તાહિક) તેમજ ૦૯૦૧૧/૦૯૦૧૨ (સાપ્તાહિક), બાંદ્રા ટર્મિનસ - ઉધના સ્પેશિયલઃ ટ્રેન નં. ૦૯૦૫૫/૦૯૦૫૬ (અઠવાડિયામાં ૫ દિવસ) અને ૦૯૦૩૫/૦૯૦૩૬ (દ્રી-સાપ્તાહિક), બાંદ્રા ટર્મિનસ - વેરાવળ સ્પેશિયલઃ ટ્રેન નં. ૦૯૦૧૭/૦૯૦૧૮ (સાપ્તાહિક) અને બાંદ્રા ટર્મિનસ - ઓખા સ્પેશિયલઃ ટ્રેન નં. ૦૯૫૬૧/૦૯૫૬૨ (સાપ્તાહિક)નો સમાવેશ થાય છે.

આ ઉપરાંત રેલવે દ્વારા અન્ય ત્રણ ટ્રેનોના ફેરા પણ લંબાવવામાં આવ્યા છે. તેમાં ટ્રેન નં. ૦૪૭૨૮ (વલસાડથી) દર ગુરુવારે ઉપડશે અને તેના ફેરા ૦૫.૦૩.૨૦૨૬ થી ૨૬.૦૩.૨૦૨૬ સુધી લંબાવવામાં આવ્યા છે. જ્યારે ટ્રેન નં. ૦૪૭૨૭ (હિસારથી) દર બુધવારે ઉપડશે અને તેના ફેરા ૦૪.૦૩.૨૦૨૬ થી ૨૫.૦૩.૨૦૨૬ સુધી લંબાવવામાં આવ્યા છે. તેમજ ટ્રેન નં. ૦૪૮૨૮ (બાંદ્રાથી) દર રવિવારે ઉપડશે અને તેના ફેરા ૦૮.૦૩.૨૦૨૬ થી ૨૯.૦૩.૨૦૨૬ સુધી લંબાવવામાં આવ્યા છે. ટ્રેન નં. ૦૪૮૨૭ (ભગત કી કોઠીથી) દર શનિવારે ઉપડશે અને તેના ફેરા ૦૭.૦૩.૨૦૨૬ થી ૨૮.૦૩.૨૦૨૬ સુધી લંબાવવામાં આવ્યા છે.

એ સિવાય ટ્રેન નં. ૦૯૬૨૨ (બાંદ્રાથી) દર સોમવારે ઉપડશે અને તેના ફેરા ૦૨.૦૩.૨૦૨૬ થી ૩૦.૦૩.૨૦૨૬ સુધી લંબાવવામાં આવ્યા છે. ટ્રેન નં. ૦૯૬૨૧ (અજમેરથી) દર રવિવારે ઉપડશે અને તેના ફેરા ૦૧.૦૩.૨૦૨૬ થી ૨૯.૦૩.૨૦૨૬ સુધી લંબાવવામાં આવ્યા છે.

### બુકિંગ અંગેની વિગતો જાહેર

પશ્ચિમ રેલવેના જણાવ્યા મુજબ આ લંબાવવામાં આવેલી તમામ ટ્રેનોનું બુકિંગ અત્યારે તમામ PRS (રિઝર્વેશન) કાઉન્ટરો અને IRCTCની વેબસાઈટ પર શરૂ કરી દેવામાં આવ્યું છે. આ ટ્રેનો, 'સ્પેશિયલ ટ્રેન' તરીકે ખાસ ભાડા સાથે દોડાવવામાં આવશે. મુસાફરો ટ્રેનના સમય, સ્ટોપેજ અને અન્ય વિગતો માટે રેલવેની સત્તાવાર વેબસાઈટ www.enquiry.indianrail.gov.inની મુલાકાત લેવા સૂચન કરવામાં આવ્યું છે.

### રાજકોટ ગ્રામ્ય LCBએ ડ્રાઈવરને દબોચી ૭૭.૭૧ લાખનો મુદ્દામાલ કર્યો કબજે

# જેતપુરના પીઠડીયા નજીકથી દારૂ ભરેલું કન્ટેનર ઝડપાયું

રાજકોટ, તા.૮
રાજકોટ ગ્રામ્ય એલસીબીએ આજે જેતપુરના પીઠડીયા પાસેથી વિદેશી દારૂની ૧૪૧૮૪ બોટલ ભરેલા કન્ટેનર સાથે ડ્રાઈવરને ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. પેટ્રોલિંગ દરમિયાન રાજકોટ રૂરલ એલસીબી પોલીસને શંકાસ્પદ કન્ટેનરની તલાશી લેતા તેમાંથી ૫૭.૧૯ લાખની ૧૪૧૮૪ બોટલ દારૂ મળી આવ્યો હતો. પોલીસે કન્ટેનર ચાલક ઘોલારામ બીશ્નોઈ (રહે પાનલ કી બેરી -રાજસ્થાન)ની ધરપકડ કરી ૭૭૭૧૩૮૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. દારૂનો સપ્લાયર કોણ છે ? ક્યા બુટલેગરે મંગાવ્યો ? વિગેરે માહિતી માટે પોલીસે કન્ટેનર ચાલકને રિમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરી છે.

# કુવાડવામાં જુગાર દરોડો : ૪ ઝડપાયા

### પોલીસે પટમાંથી રોકડા ૧૩,૩૧૦ કબજે કર્યા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

રાજકોટ, તા.૮
શહેરના કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના સ્ટાફે બાતમીના આધારે કુવાડવા ગામના મેઈન દરવાજા પાસે, મસ્જિદ વાળી શેરીમાં ખુલ્લી જગ્યામાં દરોડો પાડી જુગાર રમતા ચાર શખ્સોને ઝડપી પાડ્યા છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસે સ્થળ પરથી જુગારના સાધનો અને કુલ રૂ. ૧૩,૩૧૦/- ની રોકડ રકમ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ દરોડામાં ઝડપાયેલા આરોપીઓમાં કુવાડવા ગામના મેઈન બજારમાં રહેતા ભુપતપરી વાલપરી ગોસાઇ, કોળી વાસમાં રહેતા વાલજીભાઇ ભુપતભાઇ બાહુકિયા, મેઈન રોડ વિસ્તારના ગીરીશભાઇ ગાંડુભાઇ કાકડીયા અને લુહાર ચાલી વિસ્તારમાં રહેતા શૈલેષભાઇ રમેશભાઇ ચૌહાણનો સમાવેશ થાય છે. આ ચારેય શખ્સો જાહેરમાં ગુંડાળું વળી ગંજીપતાના પાના વડે પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા.

આ સમગ્ર કામગીરી અંગે કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ ગોપાલભાઈ ખોડાભાઈ ધોરીયાએ ફરિયાદ નોંધાવી છે. જુગાર ધારા કલમ ૧૨ હેઠળ ગુન્હો નોંધીને એ.એસ.આઈ. કે.વી. જાડેજાએ વધુ તપાસ હાથ ધરી છે. આ કામગીરી પ્રો. પો.સ.ઇ. એ.એ. બ્લોચના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.

### રાજકોટમાંથી ચોરેલી ચાંદી સાથે મહેસાણા પહોંચી !

# ૪૦ કિલો ચાંદી સાથે મહેસાણામાંથી એક ઝડપાયો

## અમદાવાદની ક્રાઈમ બ્રાંચે દબોચી લીધો : મુખ્ય સુત્રદ્ધારને શોધવા સુરત-વડોદરા તરફ લંબાવાતી તપાસ








રાજકોટ તા. ૮
શહેરના ચંપકનગરમાંથી ચોરાયેલી ૧૨૦ કિલો ચાંદીનો ભેદ ઉકેલવામાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને સફળતા મળી છે. અમદાવાદથી મહેસાણા ચાંદી વેચવા જાય તે પહેલા પ્રદીપ પ્રજાપતિ નામના શખ્સને ૪૦ કિલો ચાંદી સાથે દબોચી લઈને તપાસનો ધમધમાટ શરુ કર્યો છે. પકડાયેલા શખ્સની કબુલાતના આધારે હવે પોલીસે વડોદરા-સુરત સુધી તપાસ લંબાવીને મુખ્ય સુત્રદ્ધાર સુધી પહોંચવા કવાયત આદરી છે.

મળતી વિગતો મુજબ રાજકોટમાંથી ચોરાયેલી ૧૨૦ કિલો ચાંદીમાંથી ૪૦ કિલો ચાંદી લઈને એક શખ્સ મહેસાણા જતો હોવાની બાતમી પરથી ક્રાઈમ બ્રાંચે વોચ ગોઠવી હતી. દરમિયાન ૪૦ કિલો ચાંદી સાથે નીકળેલા પ્રદીપ પ્રજાપતિને ઝડપી લઈને પોલીસે આકરી ભાષામાં પૂછપરછ કરતા તેમની પાસેથી કબજે કરાયેલી ચાંદીનો જથ્થો રાજકોટમાંથી કરાયેલી ચોરીનો હોવાનું કબુલ્યું હતું.

એટલુજ નહિ હજુ ચાંદીનો વધુ જથ્થો મુખ્ય સુત્રદ્ધાર પાસે હોય અને સુરત - વડોદારમાં વેચવાની પેરવીમાં હોવાની કબુલાત આપતા પોલીસે તે તરફ તપાસના ઘોડા દોડાવ્યા છે.

અત્રે એ નોંધનીય છે કે શહેરના ચંપકનગરમાંથી ગઈ ૪ ફેબ્રુઆરીએ અતુલભાઈ નામના વેપારીએ તેમના પરિચિત બીપીનભાઈના ઘરે ૧૨૦ કિલો ચાંદી રાખી હતી. તે તસ્કરોને ખબર પડી જતા બીપીનભાઈના ઘરમાં ત્રાટકેલા તસ્કરો અંદાજે એક કરોડથી વધુની ૧૨૦ કિલો ચાંદી ચોરી ગયા હતા. ચોરી બાબતે વેપારીએ ધારાસભ્ય ઉદય કાનગડને જાણ કરતા ધારાસભ્ય પોલીસ થાણે પહોચીને તસ્કરોને ઝડપી લેવા પોલીસને રજૂઆત કરતા સીસી ફૂટેજના આધારે પોલીસ તપાસમાં હતી. પણ અમદાવાદ ક્રાઈમ બ્રાંચે ૪૦ કિલો ચાંદી સાથે એક શખ્સને દબોચી લઈને રાજકોટ પોલીસનું કામ કરી દીધાનું કહેવાય છે. હવે મુખ્ય સુત્રધારને પકડવા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# વૃત્તિ શુદ્ધિ, શહેર શુદ્ધિ

## રાજકોટને ટનાટન બનાવવા તંત્ર કસરત કરે છે,પણ..



રાજકોટને ટનાટન બનાવવાનું સપનું માત્ર કચરો ઉપાડવાથી પૂરું નહીં થાય. તેના માટે 'વૃત્તિ શુદ્ધિ' અને 'તંત્રની નિષ્ઠા' અનિવાર્ય છે. સફાઈ એ માત્ર દેખાડો નથી, પણ એક સામાજિક જવાબદારી છે. જ્યારે નાગરિક અને તંત્ર બંનેની માનસિકતા બદલાશે, ત્યારે જ સાચી સ્વચ્છતા આવશે.

હાલમાં મ્યુનિસિપલ કમિશનરે સફાઈમાં અવ્વલ આવવાની જે દ્રઢતા દાખવી છે, તે પ્રશંસનીય છે. અધિકારીઓ મેદાનમાં ઉતરે ત્યારે વ્યવસ્થા ગતિ પકડે છે. પરંતુ આ આગ્રહ માત્ર કાગળ પર કે રેન્કિંગ પૂરતો ન હોવો જોઈએ. ઘણીવાર ચૂંટણીઓ નજીક આવતા ઉપરથી રાજકીય દબાણ વધે છે. શાસકો વોટ માટે સફાઈના નાટકો કરે છે. આવી 'ચૂંટણીલક્ષી માનસિકતા' થી તંત્રએ દૂર રહેવું પડશે. સફાઈ એ કોઈ મોસમનો ઉત્સવ નથી. તે પ્રશાસનનું કાયમી અને નૈતિક કર્તવ્ય છે.

વાસ્તવમાં, સફાઈના અમલીકરણમાં 'કડકાઈ' એ પાયાનો મુદ્દો છે. માત્ર જાહેરાતો કે વિનંતીઓથી શહેર સાફ થતા નથી. જે કોન્ટ્રાક્ટરો કામમાં ચોરી કરે છે, તેમની સામે કડક પગલાં લેવાવા જોઈએ. સફાઈ કામદારોને પૂરતા સાધનો અને સુવિધા આપવી એ તંત્રની ફરજ છે. ભ્રષ્ટાચાર મુક્ત વહીવટ જ શહેરને ગંદકીમાંથી મુક્ત કરી શકે છે. જો અધિકારીઓ રાજકીય શેહશરમ રાખ્યા વગર દંડ વસૂલશે, તો જ શિસ્ત આવશે.

નાગરિકોએ પણ ગમે ત્યાં કચરો ફેંકવાની વૃત્તિ ત્યાગવી પડશે. ઘરની જેમ શહેરને પણ પોતાનું માનવું પડશે. પરંતુ જો તંત્ર પોતે આળસું હશે, તો જનતા પાસે અપેક્ષા રાખવી નકામી છે. તંત્રની દાનત સાફ હશે તો જ રસ્તાઓ સાફ રહેશે. અધિકારીઓની ફાઈલો અને લોકોની આદતો, બંનેમાં શુદ્ધિ જરૂરી છે.

કમિશનરની મક્કમતા જો દીર્ઘકાલીન આયોજનમાં બદલાય, તો જ રાજકોટ ચમકશે. રાજકીય દબાણને વશ થયા વગર કામ કરવું એ જ સાચી નિષ્ઠા છે. જ્યારે નિયમોનું પાલન સમાન રીતે થશે, ત્યારે રાજકોટ ખરા અર્થમાં ટનાટન બનશે. સ્વચ્છતા એ ટૂંકા ગાળાનું લક્ષ્ય નહીં, પણ નિરંતર સાધના હોવી જોઈએ.મહાપાલિકાના કમિશનરે ખુદે રાજકોટના દરેક ખૂણાની યાત્રા કરીને શુદ્ધ વૃત્તિથી શહેર શુદ્ધ કરાવવું જોઈએ.

# દલાઈ લામાએ એપ્સ્ટેઈન ફાઈલ્સ અંગેના દાવાઓ નકાર્યા

## અહેવાલોમાં જણાવાયું છે કે આ દસ્તાવેજોમાં દલાઈ લામાનું નામ ૧૦૦ થી વધુ વખત દેખાય છે

નવીદિલ્હી, તા. ૮

યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટ સેક્સ ઓફેન્ડર જેફરી એપ્સ્ટેઇન સંબંધિત દસ્તાવેજો જાહેર કરી રહ્યું છે. આ દસ્તાવેજોમાં ફોટા અને વીડિયો સાથે અનેક અગ્રણી વ્યક્તિઓના નામનો ખુલાસો થયો છે. તાજેતરમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે તેમનો જેફરી એપ્સ્ટેઇન સાથે સંપર્ક હતો. આ દાવાઓ બાદ, દલાઈ લામાએ હવે સ્પષ્ટતા જારી કરી છે, જેમાં આ આરોપોને સંપૂર્ણપણે નકારી કાઢ્યા છે. એપ્સ્ટેઇન ફાઇલ્સ એ યુએસ સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા જેફરી એપ્સ્ટેઇન સંબંધિત લાખો દસ્તાવેજો છે. આમાં ઈમેઇલ્સ, ફોટા, નોંધો અને એપ્સ્ટેઇન અને તેમના નેટવર્ક સંબંધિત અન્ય રેકોર્ડનો સમાવેશ થાય છે. કેટલાક અહેવાલોમાં જણાવાયું છે કે આ દસ્તાવેજોમાં દલાઈ લામાનું નામ ૧૦૦ થી વધુ વખત દેખાય છે.

તિબેટીયન આધ્યાત્મિક નેતા દલાઈ લામાના કાર્યાલયે ચાલુ સમાચાર અને સોશિયલ મીડિયાના દાવાઓ અંગે કડક સ્પષ્ટતા જારી કરી છે કે તેમનું નામ જેફરી એપ્સ્ટેઇન ફાઇલ્સમાં દેખાયું છે. હિમાચલ પ્રદેશના ધર્મશાલામાં દલાઈ લામાના કાર્યાલય દ્વારા જારી કરાયેલા એક પ્રેસ નિવેદનમાં જણાવાયું છે કે દલાઈ લામાનો અમેરિકન સેક્સ ઓફેન્ડર અને માનવ તસ્કરી કરનાર જેફરી એપ્સ્ટેઇન સાથે કોઈ સંબંધ નથી.

નિવેદનમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે, ''અમે સ્પષ્ટપણે પુષ્ટિ આપીએ છીએ કે પરમ પવિત્ર ૧૪મા દલાઈ લામા ક્યારેય જેફરી એપ્સ્ટેઈનને મળ્યા નથી, કે તેમણે તેમના વતી કોઈને તેમની સાથે મળવા કે વાત કરવાની મંજૂરી આપી નથી.'' કાર્યાલયે એમ પણ જણાવ્યું હતું કે એપ્સ્ટેઈન ફાઇલો સંબંધિત કેટલાક તાજેતરના મીડિયા અહેવાલો અને સોશિયલ મીડિયા પોસ્ટ્સ દલાઈ લામાને એપ્સ્ટેઈન સાથે જોડવાનો ખોટો પ્રયાસ કરી રહ્યા છે, જે સંપૂર્ણપણે ગેરમાર્ગે દોરનારા અને પાયાવિહોણા છે. જેફરી એપ્સ્ટેઈન બ્રુકલિન, ન્યૂ યોર્કના રહેવાસી



હતા અને તેમના અગ્રણી રાજકારણીઓ અને સેલિબ્રિટીઓ સાથે ગાઢ સંબંધો હતા. તેમના પર સૌપ્રથમ ૨૦૦૫માં આરોપ મૂકવામાં આવ્યો હતો અને ૨૦૦૮માં તેમને આ જ ગુના માટે જેલમાં મોકલવામાં આવ્યા હતા. જોકે, ૨૦૧૯માં, જેફરી પર સેક્સ ટ્રાફિકિંગ માટે ફરીથી ધરપકડ કરવામાં આવી હતી. જોકે, તેમણે કસ્ટડીમાં આત્મહત્યા કરી હતી. એપ્સ્ટેઈન અસંખ્ય હાઇ-પ્રોફાઇલ પાર્ટીઓનું આયોજન કરતા હતા, જેમાં અસંખ્ય સેલિબ્રિટીઓ હાજરી આપતા હતા. અત્યાર સુધીના અહેવાલોમાં વૈજ્ઞાનિક સ્ટીફન હોકિંગ, ડોનાલ્ડ ટ્રમ્પ, માઈકલ જેક્સન અને બિલ ક્લિન્ટન સહિત અનેક અગ્રણી વ્યક્તિઓના નામ જાહેર થયા છે, જેઓ આ પાર્ટીઓમાં ભાગ લેતા હતા.

યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટ દ્વારા જાહેર કરાયેલી જેફરી એપ્સ્ટેઇન ફાઇલોમાં દલાઈ લામાનું નામ આવ્યા પછી, તેમની ઓફિસે સ્પષ્ટતા જારી કરી. ઓફિસે સ્પષ્ટતા કરી કે ૧૪મા દલાઈ લામાનો દોષિત જાતીય ગુનેગાર સાથે કોઈ સંબંધ નહોતો અને ન તો તેઓ ક્યારેય મળ્યા હતા.

# વીર સાવરકરને ભારત રત્ન આપવાથી પુરસ્કારની પ્રતિષ્ઠા વધશે

## રાષ્ટ્રીય સ્વયં સુરક્ષા સંઘના વડા મોહન ભાગવતે ખુલ્લેઆમ ભારત રત્ન માટે હિમાયત કરી

નવીદિલ્હી, તા. ૮

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના વડા મોહન ભાગવતે મુંબઈમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન અનેક મુદ્દાઓ પર પોતાના વિચારો વ્યક્ત કર્યા. તેમણે કહ્યું કે વીર સાવરકરને ભારત રત્ન આપવાથી આ સર્વોચ્ચ નાગરિક પુરસ્કારની પ્રતિષ્ઠામાં વધુ વધારો થશે. આ પહેલી વાર છે જ્યારે RSS વડાએ ખુલ્લેઆમ ભારત રત્ન માટે હિમાયત કરી છે. અગાઉ RSS કાર્યકરો અને અન્ય નેતાઓ બંને દ્વારા ભારત રત્ન માટેની માંગણીઓ કરવામાં આવી હતી, જોકે RSS વડા દ્વારા કોઈ નિવેદન જારી કરવામાં આવ્યું નથી. આ પહેલી વાર છે જ્યારે મોહન ભાગવતે મંચ પરથી કહ્યું છે કે વીર સાવરકરને એવોર્ડ આપવાથી એવોર્ડની પ્રતિષ્ઠામાં વધુ વધારો થશે.

ભારત-અમેરિકા વેપાર કરાર અંગે, ભાગવતે આશા વ્યક્ત કરી કે તે એવી રીતે વાટાઘાટો કરવામાં આવી છે જે ભારતના હિતોને નુકસાન ન પહોંચાડે. તેમણે કહ્યું કે આંતરરાષ્ટ્રીય કરારોમાં દેશના આર્થિક અને વ્યૂહાત્મક હિતોનું રક્ષણ સર્વોપરી હોવું જોઈએ. RSS ના કાર્ય પર બોલતા, મોહન ભાગવતે કહ્યું કે RSS નું સૌભાગ્ય તેના સ્વયંસેવકોની સખત મહેનત અને તેમના વૈચારિક સિદ્ધાંતો પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાનું પરિણામ છે. તેમણે તેમના સમર્પણની પ્રશંસા કરી. યુનિફોર્મ સિવિલ કોડ (UCC) અંગે,




RSS વડાએ જણાવ્યું હતું કે તેનો મુસદ્દો તૈયાર કરતી વખતે સમાજના તમામ વર્ગોને વિશ્વાસમાં લેવા જોઈએ. તેમણે ભાર મૂક્યો હતો કે આ પ્રક્રિયા મતભેદોને વધુ તીવ્ર ન બનાવે, પરંતુ સામાજિક સંવાદિતાને મજબૂત બનાવવી જોઈએ.

RSSની ૧૦૦મી વર્ષગાંઠ નિમિત્તે મુંબઈમાં બે દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સલમાન ખાન સહિત અનેક મુસ્લિમ હસ્તીઓએ પ્રથમ દિવસે હાજરી આપી હતી. કાર્યક્રમ દરમિયાન, મોહન ભાગવતે જણાવ્યું હતું કે કોઈપણ RSS વડા બની શકે છે, જરૂરી નથી કે તે કોઈ ચોક્કસ જાતિનો હોય. જે પણ RSS વડા બનશે તે હિન્દુ હશે. મુંબઈમાં, મોહન ભાગવતે જણાવ્યું હતું કે વીર સાવરકરનો ભારત રત્ન પુરસ્કાર એવોર્ડની પ્રતિષ્ઠામાં વધારો કરશે. તેમણે ભારત-અમેરિકા વેપાર કરારમાં રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરવાની અને UCC અંગે સમાજના તમામ વર્ગોને વિશ્વાસમાં લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

# ગૌરવ ગોગોઈનું પાકિસ્તાન સાથે કનેક્શન?

## આસામ સરકાર રિપોર્ટ જાહેર કરશે, કેસ ગૃહ મંત્રાલયને સોંપવામાં આવશે

નવીદિલ્હી, તા. ૮

આ વર્ષે આસામમાં ચૂંટણી યોજાવાની છે, જે સંભવતઃ આગામી એક કે બે મહિનામાં યોજાવાની છે. જોકે, ચૂંટણી પહેલા જ આરોપ-પ્રત્યારોપોનો દોર ચાલી રહ્યો છે, જેમાં કોંગ્રેસ અને ભાજપ વચ્ચે ઉગ્ર બોલાચાલી ચાલી રહી છે. કોંગ્રેસ નેતા ગૌરવ ગોગોઈ, તેમની પત્ની એલિઝાબેથ કોલબર્ન ગોગોઈ અને પાકિસ્તાન વચ્ચેના કથિત સંબંધોની તપાસ ચાલી રહી છે. આસામ કેબિનેટે હવે આ તપાસ ગૃહ મંત્રાલયને સોંપવાનો નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી ડો. હિમંતા બિસ્વા શર્માની અધ્યક્ષતામાં મળેલી આસામ કેબિનેટની બેઠકમાં કોંગ્રેસ નેતા ગૌરવ ગોગોઈ અને પાકિસ્તાની નાગરિક અલી તૌકીર શેખ વચ્ચેના સંબંધોનો આરોપ લગાવતા સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ના રિપોર્ટની સમીક્ષા કરવામાં આવી હતી. કેબિનેટે આ સનસનાટીભર્યા રિપોર્ટને



વધુ તપાસ અને નક્કર કાર્યવાહી માટે ગૃહ મંત્રાલયને મોકલવાનો નિર્ણય લીધો હતો. ''ચોંકાવનારી માહિતી'' અને કથિત વિદેશી જોડાણો વિશેના ઇનપુટ્સ ધરાવતો આ રિપોર્ટ આજે, ૮ ફેબ્રુઆરી, સવારે ૧૦:૩૦ વાગ્યે જાહેર કરવામાં આવશે.

SIT એ આરોપોની તપાસ કરી હતી કે ગોગોઈની બ્રિટિશ પત્ની એલિઝાબેથ કોલબર્ન સાથે જોડાયેલા પાકિસ્તાની નાગરિક અલી તૌકીર શેખ ભારતના આંતરિક બાબતોમાં દખલ કરે છે. સરમાએ જણાવ્યું હતું કે આસામ પોલીસની SIT એ તપાસને વ્યાપકપણે આવરી લીધી હતી. જોકે, SIT ની કેટલીક મર્યાદાઓ છે, કારણ કે તેને ઈન્ટરપોલ અને સંસદીય બાબતોની માહિતીની પણ જરૂર છે. એકવાર ગૃહ મંત્રાલય NIA, IB અથવા CBI જેવી કેન્દ્રીય એજન્સીઓને કેસ સોંપવાનો નિર્ણય લેશે, તો આસામ સરકાર તે એજન્સીને બધા પુરાવા સોંપશે. છેલ્લા કેટલાક અઠવાડિયામાં, સરમાએ વારંવાર ગોગોઈ પર પાકિસ્તાન સાથે સંબંધો હોવાનો આરોપ લગાવ્યો છે. મુખ્યમંત્રી સરમાએ દાવો કર્યો હતો કે તપાસ રાષ્ટ્રીય સુરક્ષા માટે છે. જોકે, ગૌરવ ગોગોઈએ આ આરોપોને ''પાયાવિહોણા, વાહિયાત અને પાગલ'' ગણાવ્યા છે. તેમણે તેમને રાજકીય રીતે પ્રેરિત ગણાવ્યા છે.

૨૦૧૨ અને ૨૦૧૬ ની વચ્ચે પાકિસ્તાન મુલાકાતના સમય અંગેના પ્રશ્નના જવાબમાં, સરમાએ કહ્યું, ''હું ઓછામાં ઓછું પુષ્ટિ કરી શકું છું કે એક માનનીય સાંસદે પાકિસ્તાનની મુલાકાત લીધી હતી જ્યારે તેમના પિતા કોઈ રાજ્યના મુખ્યમંત્રી હતા. ભારત સરકાર કે આસામ સરકારને આ અંગે જાણ કરવામાં આવી ન હતી.'' આગામી ચૂંટણીઓ પહેલા આસામમાં રાજકીય ગતિવિધિઓ તીવ્ર બની છે. કોંગ્રેસ નેતા ગૌરવ ગોગોઈના પાકિસ્તાની નાગરિક સાથેના કથિત સંબંધોની તપાસ હવે ગૃહ મંત્રાલય (MHA) ને સોંપવામાં આવશે. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માના નેતૃત્વ હેઠળના આસામ મંત્રીમંડળે SIT રિપોર્ટની સમીક્ષા કર્યા પછી આ નિર્ણય લીધો.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## ભગવાનની ભક્તિ કરવાં માટે શબરી જેવી તીવ્ર ઉત્કંઠા આપણ ને કેમ થતી નથી?



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આપણામાં સત્ય પ્રતિષ્ઠિત થાય તો ઈશ્વર પણ આપણા કાર્ય કરવા માટે તત્પર બને છે, એવું પૂજ્ય બાપુએ કહ્યું, અને એમનાં જીવનમાં સત્ય પ્રતિષ્ઠિત થઈ ચૂક્યું છે! એટલે જ તો વિશ્વમાં જ્યાં દુર્ઘટના ઘટે ત્યાં એની કરુણા પહોંચે છે! દુનિયા એમનો લાખ વિરોધ કરે, પણ આ વાત તો સૌએ સ્વીકારવી જ પડે! અને સનાતન ધર્મને કથાનાં માધ્યમથી વિશ્વનાં ખૂણે ખૂણે પહોંચાડવાનો શ્રેય પણ એને આપવો પડે! તલગાજરડામાં સાવ સામાન્ય સાધુ પરિવારમાં જન્મીને માત્ર સદગુરુ ના ભરોસો તેમજ રામચરિત માનસના ગાનને કારણે એમણે પોતાનું ચરિત્ર નિર્માણ કર્યું! એમાં કોઈ બે મત નથી. એમની ચેતનાનાં વર્તુળમાં પરિક્રમા કરવાનો અવસર ઘણીવાર મળ્યો છે, એ મારું અહોભાગ્ય છે. આજે સોમવાર ચરિત્રની ઓળખ! તો કેમ બને છે ચરિત્ર? એ જોઈએ! જીંદગીનાં અમુક મુકામે પહોંચ્યા પછી એવું લાગે કે, એક એવાં દોરાહે પર આવીને ઊભા છીએ, જ્યાંથી વૈરાગ્ય ફક્ત એક ડગલું દૂર છે! પણ એ એક ડગલું સહજતાથી ભરી શકાતું નથી! અને ન જાણે કેટલાય વ્યવહારમાં વૈરાગ્ય અટવાઈ જાય છે. શાસ્ત્રનો સાર! મૃત્યુ શાશ્વત સત્ય, કે પછી મારું તારું બધું જ અહીં જ છે! સાથે કંઈ જ આવતું નથી! અથવા લઈ જવાતું નથી! અને એનાથી પણ વિશેષ કેટલુંય જ્ઞાન ભરીભરીને! ઉપરથી જીંદગીનાં આટલાં અનુભવો! એટલે સંસાર અસાર છે, એ લગભગ બધા જાણી જ ગયા છીએ ! છતાં સંસાર એમ છૂટતો નથી, પણ જો ભક્તિની શક્તિ મળે તો સંસારીને સંસાર છોડાવીને વૈરાગી બનાવી શકે છે! ભગવાન અને ભક્તને જે ભાવ જોડે એ ભક્તિ! અને રામાયણનું એવું એક પાત્ર છે શબરી.

શબરી વિશેનાં પાત્ર પરિચયમાં તો તે એક ભીલ જાતિની સ્ત્રી હતી, અને ભગવાન રામનાં આવવાની રાહ જોઈ રહી હતી. શબરી એક ભીલ કન્યા હોવાથી એમની જ્ઞાતિમાં પશુઓનો શિકાર કરીને માંસ મદીરાનું સેવન કરવું એ એક સામાન્ય વાત હતી, અને જે તેને પસંદ નહોતી. શબરી દેખાવે સુંદર નહોતાં, એટલે એમના લગ્ન મોટી ઉંમરે નક્કી થયાં, અને લગ્નની ખુશીની મિજબાની ગોઠવવામાં આવી, એમાં કેટલાય પ્રાણીઓની હત્યા કરી લાવવામાં આવ્યાં, એને થયું કે આવું જીવન કાયમી જીવી શકાય નહીં, તેની અંદરની અહિંસાની ભાવના પ્રબળ બની, કે વગર વાંકે આ પશુ પંખીઓને મારવાં એ ઘોર પાપ છે, અને તે પોતાના લગ્ન પહેલા જ ઘરેથી ભાગી નીકળ્યાં. પંપા સરોવર આસપાસ ત્યારે ઘણા બધા ઋષિઓ રહેતાં હતાં અને એ યુગમાં અસ્પૃશ્યતાનો મહિમા હતો, અને ભીલને અધમજાતી કહેવાતી. શબરી રોજ બધા જ ઋષિમુનિઓના આશ્રમથી પંપાસરોવર સુધીનો રસ્તો વાળી ચોળીને ચોખ્ખો કરી રાખતાં, જેથી કરીને કોઈ ઋષિનાં પગને ઈજા થાય નહીં. માતંગ ઋષિને શબરીનું આ કાર્ય પ્રભાવિત કરી ગયું, તેણે શબરીને પોતાના આશ્રમમાં સ્થાન આપ્યું અને રામ મંત્રની દીક્ષા આપી પોતાની શિષ્યા બનાવી. શબરીએ કહ્યું હે ગુરૂવર હું તો જન્મથી ભીલ છું, અને ભીલ તો અધમ જાત કહેવાય છે, માટે આ જન્મમાં તો મને ભગવાનનો ભેટો નહીં થાય ,અને માતંગ ઋષિએ તેને પ્રભુ શ્રીરામ વિષે વાત કરીને કહ્યું કે એકને એક દિવસ તે અહીં જરૂર આવશે, અને તને ભક્તિ વિશે વધુ માર્ગદર્શન આપશે. માતંગ ઋષિએ પોતાનાં અંતિમ સમયમાં શબરીને બોલાવીને કહ્યું કે, પ્રભુ શ્રીરામ અહીં જ આવશે, માટે તું અહીંથી ક્યાંય જતી નહીં! બસ તે દિવસથી શબરી પ્રભુ શ્રીરામની પ્રતીક્ષા કરતાં હતાં.

આ ઉપરાંત શબરી વિશે એક બીજી દંતકથા પણ છે શબરી પૂર્વજન્મમાં એક રાજાની રાણી હતાં, અને રાજા સાથે તે પંપાસરોવર યાત્રા અર્થે આવે છે, ત્યાં આગળ તે કેટલા બધા સાધુ મહાત્માઓને જુએ છે, તેમની તપસ્યાને જુએ છે, અને ભગવાન પ્રત્યેની તેમની ભક્તિનો ભાવ પણ જુએ છે. રાણીને પોતાના જીવનમાં પણ આવો વૈરાગ્ય આવે તો કેટલું સારું! પરંતુ આ જન્મ તો હવે નષ્ટ થઈ ગયો, અને આવતાં જન્મ સુધી પ્રતીક્ષા કરવી પોસાય તેમ નથી, એટલો વૈરાગ્ય તેના પર હાવી થયો, અને તેણે પંપા સરોવરમાં જ ઝંપલાવી દીધું. એ રાણી બીજા જન્મમાં શબરી બની, અને આટલાં બધાં સાધુ મહાત્માઓ કે ઋષિઓ સાથે જીવવાનું અને ભગવાનની ભક્તિ કરવાનું તેનું સ્વપન પૂરું થયું.

રાવણ માતા સીતાનું અપહરણ કરી ગયો, પછી પ્રભુ શ્રીરામ અને લક્ષ્મણ સીતાની શોધમાં ભટકતા હતાં, ત્યારે અરણ્યમાં આવ્યાં. સુતિક્ષ્ણ મુનિ જે ઋષિ અગસ્ત્યના શિષ્ય હતાં, અને એમણે પ્રભુ શ્રીરામને પંપા સરોવરનાં કાઠે આવેલ માતંગ ઋષિના આશ્રમમાં રહેલા શબરી તમને આગળનો માર્ગ જણાવશે, એમ કહ્યું હતું. પ્રભુ શ્રીરામ તથા લક્ષ્મણ પંપા સરોવર સુધીનો માર્ગ તૈયાર કરી ત્યાં પહોંચ્યાં, ત્યારે કેટલા બધાં ઋષિમુનિઓએ તેમનું સ્વાગત કર્યું, અને પોતાનાં આશ્રમમાં પધારવા વિનંતી કરી. પરંતુ ભગવાને કહ્યું કે ના હું તો શબરીનાં આશ્રમમાં જ જઈશ, તે વર્ષોથી મારી પ્રતીક્ષા કરી રહ્યા છે. પ્રભુ શ્રીરામ શબરીનાં આશ્રમે આવ્યાં, અને ત્યારે તો શબરી વૃદ્ધ થઈ ગયાં હતાં, છતાં એમને ગુરુ વચન યાદ હતું. એમણે પ્રભુ શ્રી રામ તથા લક્ષ્મણનું સ્વાગત કર્યું, અને મીઠા બોર ધરાવ્યા. તે ભગવાનની ભક્તિમાં એટલા તલ્લીન હતાં કે તેને થયું કે મારા પ્રભુને મારે મીઠા બોર જ આપવા જોઈએ, માટે તે ચાખી ચાખીને બોર આપતા હતાં, અને પ્રભુ તે આનંદથી આરોગતા હતાં, આ જોઈ લક્ષ્મણજી પણ આશ્ચર્યચકિત થઈ ગયા કે, એક ભીલ સ્ત્રીનાં એંઠા બોર પ્રભુ કોઈ હિચકીચાવટ વગર આરોગી રહ્યાં છે,

તો આ છે સત્ય પ્રતિષ્ઠિત ભક્તિની તાકાત કે, જે ભગવાનને પણ પોતાની તરફ ખેંચી શકે છે, અને પોતાનાં બનાવી શકે છે. વૃદ્ધ અને દેખાવે અસુંદર હોવા છતાં પ્રભુએ તેને સન્નારી કહી, અને તેનું સન્માન કર્યું. કારણ કે ભક્તિ હંમેશા સુંદર હોય છે, અને તે ક્યારેય વૃદ્ધ થતી નથી. એ તો આપણે છીએ કે ભક્તિનાં ભાવને વૃદ્ધત્વમાં જ કેળવવાનો હોય, એવી ભાવના રાખી આખી જિંદગી વ્યર્થ કાર્યમાં ખર્ચી નાખીએ છીએ. શબરીના પૂછવાથી પ્રભુ શ્રીરામે તેને નવધા ભક્તિ વિશેનું જ્ઞાન આપ્યું. ભક્તિ કરે તેનાં જીવન સાર્થક થઈ જતાં હોય છે, અને બાકીનાં બધાં જીવ જન્મોજન્મ આ રીતે કર્માનુબંધ કે ઋણાનુબંધનાં ચક્રવ્યૂહમાં ફરતાં રહે છે, અને આજે નહીં કાલે એમ કહી ભક્તિને ટાળતાં રહે છે. પરંતુ ઈશ્વર અગુણ છે, એટલે આપણાં આવાં ગુણથી નારાજ થતો નથી, અને વારંવાર શ્રાવણ, પુરષોત્તમ માસ, મહા નવરાત્રી, ચૈત્ર નવરાત્રી, અષાઢ નવરાત્રી, આસો નવરાત્રી એવાં ભક્તિને નિભાવવાના અવસર આપે જાય છે. તો આપણે પણ આપણા આંતર બાહ્ય સ્વરૂપને એક કરવાં એટલે કે ચરિત્ર નિર્માણ કરવા માટે, વિકારિત ભાવોથી દૂર રહીએ, અને સત્ય પ્રેમ કરુણાનાં પરમભાવમાં જીવન વ્યતિત કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

એપ્સટિન ફાઈલ્સના ખુલાસાએ ૨૦૨૫માં યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના બીજા વહીવટને પણ હચમચાવી નાખ્યો

# સેક્સ ટ્રાફિકિંગના બે ગુનાની પોલ ખોલતી એપ્સટિન ફાઈલ્સ

## ૨૦૧૯માં એપ્સટિનના મૃત્યુ પછી, ફાઈલોમાં શું છે, તેઓ કોના નામ આપે છે, અને તે જાહેર જનતા માટે જાહેર કરવી જોઈએ કે કેમ તે બન્યો ચર્ચાનો વિષય



રાજકોટ તા. ૮

એપ્સટિન ફાઈલ્સ તરીકે વિશ્વભરમાં જાણીતા, આ હજારો પાનાના દસ્તાવેજો જેફરી એપ્સટિન દ્વારા સેક્સ ટ્રાફિકિંગ સાથે સંકળાયેલા બે ગુનાહિત કેસોથી સંબંધિત છે, જે શ્રીમંત, પ્રખ્યાત અને શક્તિશાળી લોકોના મિત્ર અને ફાઈનાન્સર હતા. ૨૦૧૯ માં એપ્સટિનના મૃત્યુ પછી, ફાઈલોમાં શું છે, તેઓ કોના નામ આપે છે, અને કયા સંદર્ભમાં, અને તે જાહેર જનતા માટે જાહેર કરવી જોઈએ કે કેમ તે અંગેના પ્રશ્નો રાજકીય પાંખની બંને બાજુએ તીવ્ર ચર્ચાનો વિષય બન્યા. પરંતુ ૨૦૨૫ માં, આ પ્રશ્નો અને અન્ય મુદ્દાઓએ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના બીજા વહીવટને પણ હચમચાવી નાખ્યો, કારણ કે ટ્રમ્પના કેટલાક સૌથી વફાદાર સમર્થકોએ પણ એપ્સટિન કેસ સંબંધિત માહિતી જાહેર કરવામાં તેમના વહીવટની અનિચ્છા પર વિશ્વાસઘાતની લાગણી વ્યક્ત કરી હતી. ૧૮ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ, દ્વિપક્ષીય એકતાના એક દુર્લભ ઉદાહરણમાં, હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સે દસ્તાવેજો જાહેર કરવા માટે ૪૨૭-૧ મત આપ્યો; સેનેટે ઝડપથી તેનું પાલન કર્યું, અને ટ્રમ્પે બિલ પર હસ્તાક્ષર કર્યા. ૧૯ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ, એપ્સટિન ફાઈલ્સ ટ્રાન્સપરન્સી એક્ટ હેઠળ, ન્યાય વિભાગે લાખો દસ્તાવેજો બહાર પાડ્યા. આ ફાઈલોમાં ભૂતપૂર્વ યુએસ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન અને અન્ય સેલિબ્રિટીઓના કેટલાક પહેલા ક્યારેય ન જોયેલા ફોટોગ્રાફ્સનો સમાવેશ થતો હતો, પરંતુ મોટાભાગની ફાઈલોને ભારે સંપાદિત કરવામાં આવી હતી, જેના કારણે ડેમોક્રેટિક અને કેટલાક રિપબ્લિકન કાયદા ઘડનારાઓ તેમજ એપ્સટિનના પીડિતો તરફથી ટીકા થઈ હતી. પાછળથી બહાર પાડવામાં આવેલા લગભગ 30,000 પાનાના દસ્તાવેજોમાં ૧૯૯૦ ના દાયકામાં ટ્રમ્પ દ્વારા એપ્સટિનના વિમાનમાં મુસાફરી કરવાના સંદર્ભોનો સમાવેશ થતો હતો. 30 જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ, ન્યાય વિભાગે વધારાના ત્રણ મિલિયન દસ્તાવેજો બહાર પાડ્યા, જે દર્શાવે છે કે આ દસ્તાવેજોનું અંતિમ મોટું પ્રકાશન હશે.

જેફરી એપ્સટિનનો ઝડપી ઉદય ૧૯૮૦ ના દાયકામાં શરૂ થયો જ્યારે, વોલ સ્ટ્રીટ ફર્મ બેર સ્ટર્ન્સ સાથે કામ કર્યા પછી, તેમણે પોતાનો વ્યવસાય શરૂ કર્યો, અન્ય લોકો સાથે ભાગીદારી કરી અને આખરે પોતાની નાણાકીય પેઢી ચલાવી. તેમની સફળતાએ તેમને અનેક ગણા કરોડપતિ બનાવ્યા – તેમની પાસે ન્યૂ યોર્કના મેનહટનમાં સૌથી મોટા ખાનગી રહેઠાણોમાંનું એક અને યુએસ વર્જિન આઈલેન્ડ્સમાં એક એસ્ટેટ હતું – અને આમ તેમને સંપત્તિ અને પ્રભાવના ઉચ્ચ વર્ગમાં ઉભરી આવવાની મંજૂરી આપી. જેમની સાથે તેમણે સામાજિકતા અને વ્યવસાય ચલાવ્યો તેમાં ડોનાલ્ડ ટ્રમ્પ, રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન, માઈકલ જેક્સન, પ્રિન્સ એન્ડ્રુ અને અન્ય લોકોનો સમાવેશ થાય છે. પત્રકારો અને એપસ્ટેઈનના આરોપીઓ દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નોના જવાબમાં એપસ્ટેઈન ફાઈલોના કેટલાક ભાગો જાહેર કરવામાં આવ્યા ત્યારે આ સંડોવણી પ્રકાશમાં આવી. પ્રકાશિત દસ્તાવેજો ટ્રમ્પ, ક્લિન્ટન અથવા જેક્સનને કોઈપણ ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સંડોવતા નથી. એન્ડ્રુએ કોઈપણ ખોટું કરવાનો ઇનકાર કર્યો છે. જો કે, ઓક્ટોબર ૨૦૨૫ માં, કિંગ ચાર્લ્સે એપસ્ટેઈન સાથેના સંબંધોને કારણે એન્ડ્રુ પાસેથી ‘‘પ્રિન્સ‘‘નું બિરુદ છીનવી લીધું.

૧૯૯૦ ના દાયકા દરમિયાન ટ્રમ્પ અને એપસ્ટેઈન ગાઢ રીતે જોડાયેલા હતા, અને ટ્રમ્પ ક્યારેક ક્યારેક ફ્લોરિડાના પામ બીચમાં તેમના માર-એ-લાગો એસ્ટેટમાં એપસ્ટેઈનનું આયોજન કરતા હતા, જેમાં ગર્ભ્ક્ક ચીયરલીડર્સ દ્વારા હાજરી આપતી પાર્ટીનો પણ સમાવેશ થતો હતો. ટ્રમ્પ અને એપસ્ટેઈન કહેવાતા કેલેન્ડર મોડેલ સ્પર્ધામાં એકમાત્ર મહેમાનો પણ હતા. ઘણી વખત, યુવતીઓએ ટ્રમ્પ પર ગેરવર્તણૂકનો આરોપ લગાવ્યો હતો, જેનો તેમણે ઇનકાર કર્યો હતો. જાહેર કરાયેલી ફાઈલોમાં સમાવિષ્ટ ફ્લાઈટ લોગ અનુસાર, ટ્રમ્પે ૧૯૯૦ ના દાયકામાં ચાર વર્ષમાં ઓછામાં ઓછા સાત વખત એપસ્ટેઇનના ખાનગી જેટમાં મુસાફરી કરી હતી. ફાઈલોમાં એ પણ ખુલાસો થયો છે કે ક્લિન્ટને ૨૦૦૦ ના દાયકામાં વ્હાઈટ હાઉસ છોડ્યા પછી એપસ્ટેઇનના જેટમાં મુસાફરી કરી હતી. ફ્લાઈટ લોગ દર્શાવે છે કે ક્લિન્ટને સાઈબિરીયા, મોરોક્કો, ચીન અને આર્મેનિયા સહિત વિવિધ સ્થળોએ ઓછામાં ઓછા ૧૭ વખત ઉડાન ભરી હતી. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિના પ્રવક્તાએ જણાવ્યું છે કે આ યાત્રાઓ ક્લિન્ટન ફાઉન્ડેશન સાથે સંબંધિત હતી.

### ૨૦૦૪માં ટ્રમ્પ, એપસ્ટેઇનની મિત્રતાનો આવ્યો અંત

ટ્રમ્પ અને એપસ્ટેઇનનો સંબંધ ૨૦૦૦ ના દાયકા સુધી ચાલુ રહ્યો, જેમાં દાયકાઓ પછી પણ જાહેર અને મીડિયાનું ધ્યાન ખેંચનાર ઘણી મહત્વપૂર્ણ ઘટનાઓનો સમાવેશ થાય છે. ૨૦૦૦ માં, વર્જિનિયા ગિફ્રે નામની ૧૬ વર્ષની છોકરી માર–એ–લાગોમાં કામ કરતી હતી જ્યારે જેફરી એપસ્ટેઇનના લાંબા સમયના સાથી, મેક્સવેલે તેણીને મસાજ મેન્યુઅલ વાંચતી જોઈ અને તેણીને એપસ્ટેઇનની માલિશ કરનાર બનવાનું આમંત્રણ આપ્યું. ૨૦૦૯માં એપ્સટાઇન અને ૨૦૧૫માં મેક્સવેલ પર દાવો કરનાર ગિફ્રેએ જણાવ્યું હતું કે એપ્સટાઇન અને મેક્સવેલે તેણીને સેક્સ–ટ્રાફિકિંગ રિંગમાં ભરતી કરી હતી, જે દરમિયાન તેણીને એપ્સટાઇનના પ્રભાવશાળી મિત્રોમાં ‘‘ફળની થાળીની જેમ ફરતી‘‘ કરવામાં આવી હતી. ગિફ્રે સંભવતઃ ડોનાલ્ડ ટ્રમ્પ અને એપ્સટાઇન વચ્ચેના સંબંધોના ભંગાણના કેન્દ્રમાં હતી. ટ્રમ્પે જુલાઈ ૨૦૨૫માં કહ્યું હતું કે આ અણબનાવ એટલા માટે થયો કારણ કે એપ્સટાઇને ‘‘કંઈક અયોગ્ય કર્યું હતું. તેણે નોકરોને રાખ્યા હતા, અને મેં કહ્યું હતું, ’ફરી ક્યારેય આવું ન કર.’ તેણે મારા કાર્યબળમાંથી લોકોને ચોરી લીધા... અને મેં તેને બહાર કાઢ્યો, પર્સોના નોન ગ્રેટા.‘‘ ટ્રમ્પે પાછળથી સ્પષ્ટતા કરી કે તે ગિફ્રે અને અન્ય લોકોનો ઉલ્લેખ કરી રહ્યા હતા. વ્હાઈટ હાઉસના પ્રવક્તાએ જુલાઈની શરૂઆતમાં કહ્યું હતું કે, ‘‘સત્ય એ છે કે, રાષ્ટ્રપતિએ તેને તેના ક્લબમાંથી બહાર કાઢ્યો કારણ કે તે એક અધમ વ્યક્તિ હતો.‘‘

### ૨૦૦૫–૨૦૦૯ રહ્યું વિવાદાસ્પદ

પામ બીચની મિલકતની કમનસીબ હરાજીના થોડા અઠવાડિયા પછી, જેફરી એપસ્ટેઇન પામ બીચ પોલીસ દ્વારા તપાસ હેઠળ આવ્યા. શરૂઆતમાં, એપસ્ટેઇનના ઘરેથી યુવતીઓ આવતી–જતી હોવાના અહેવાલો સામે આવ્યા. ઘણા મહિનાઓ પછી, એક મહિલાએ પોલીસને જણાવ્યું કે તેની ૧૪ વર્ષની સાવકી દીકરીને એપસ્ટેઇન નગ્ન હોય ત્યારે માલિશ કરવા માટે પૈસા ચૂકવવામાં આવ્યા હતા. આ અહેવાલ પછી, અન્ય કિશોરવયની છોકરીઓએ પણ પોલીસને જણાવ્યું કે તેમને એપસ્ટેઇનને માલિશ કરવા માટે પૈસા ચૂકવવામાં આવ્યા હતા. ફરિયાદીઓએ જે રીતે કેસ સંભાળ્યો તેના એક દાયકા કરતાં વધુ સમય પછી ગંભીર પરિણામો આવ્યા. જ્યારે ગ્રાન્ડ જ્યુરીએ ૨૦૦૬માં વેશ્યાવૃત્તિ માટે વિનંતી કરવાના એક આરોપમાં એપસ્ટેઇન પર આરોપ મૂક્યો, ત્યારે આરોપના પ્રમાણમાં નાના સ્વભાવને કારણે ફરિયાદો થઈ કે એપસ્ટેઇન પર ખાસ સારવાર આપવામાં આવી હતી. ૨૦૦૭માં, ફેડરલ પ્રોસિક્યુટર્સ એપસ્ટેઇન પર લગભગ ૬૦ ફેડરલ આરોપો લગાવવા માટે તૈયાર હતા. એપ્સટાઇનના વકીલો, જેમાં ડેરશોવિટ્ઝનો પણ સમાવેશ થાય છે, તેમણે ફેડરલ આરોપોથી બચવા માટે મિયામીમાં યુ.એસ. એટર્ની એલેક્ઝાન્ડર એકોસ્ટા સાથે વાટાઘાટોના અનેક રાઉન્ડમાં સમાધાન કરવાનો પ્રયાસ કર્યો. ૨૦૦૮ માં, એપ્સટાઇન બે રાજ્ય આરોપોમાં દોષિત ઠરાવ્યાઃ વેશ્યાવૃત્તિ માટે આગ્રહ કરવો અને સગીર વયના વેશ્યાવૃત્તિ માટે આગ્રહ કરવો. તેમને ૧૮ મહિનાની જેલની સજા ફટકારવામાં આવી હતી, પરંતુ તેમને દિવસ દરમિયાન તેમની ઓફિસમાં જવાની અને રાત્રે જેલમાં પાછા ફરવાની મંજૂરી આપવામાં આવી હતી. કોઈ ફેડરલ આરોપો દાખલ કરવામાં આવ્યા ન હતા, અને સમાધાનમાં એક બિન–કાયદેસર કાર્યવાહી કરારનો સમાવેશ થતો હતો જેમાં એપ્સટાઇન, ચાર નામાંકિત સહ–કાવતરાખોરો અને ‘‘કોઈપણ સંભવિત સહ–કાવતરાખોરો‘‘ ને મુક્તિ આપવામાં આવી હતી. એપ્સટાઇનના પીડિતોને કરારની જાણ કરવામાં આવી ન હતી, અને તે ગુપ્ત રાખવામાં આવ્યું હતું. ૧૩ મહિના જેલમાં રહ્યા પછી તેમને મુક્ત કરવામાં આવ્યા હતા, પરંતુ તે સ્પષ્ટ થઈ ગયું કે તેમની કાનૂની મુશ્કેલીઓ હજુ સુધી સમાપ્ત થઈ નથી. આગામી કેટલાક વર્ષોમાં, તેમણે તેમના પીડિતો સાથે ઘણા નાગરિક મુકદ્દમાઓનું સમાધાન કર્યું, જેમાંથી એક જેન ડો ૧૦૨ તરીકે ઓળખાઈ હતી. ૨૦૦૯ માં કાર્યવાહી વિરોધી કરાર જાહેર કરવામાં આવ્યો હતો.

### વર્ષ ૨૦૨૫ વર્ગીકૃત દસ્તાવેજોથી પારદર્શિતા કાયદા સુધી

ટ્રમ્પ વહીવટના બીજા કાર્યકાળની શરૂઆતમાં, એપસ્ટેઇન દસ્તાવેજોનું પ્રકાશન નિશ્ચિત લાગતું હતું. ફેબ્રુઆરી ૨૦૨૫ માં, એટર્ની જનરલ પામ બોન્ડીએ ખઅત્રઋઅ કાર્યકરોના એક જૂથને વ્હાઈટ હાઉસમાં આમંત્રણ આપ્યું, જ્યાં તેમણે ‘‘ધ એપસ્ટેઇન ફાઈલ્સઃ ફેઝ ૧‘‘ અને ‘‘ડિક્લાસિફાઈડ‘‘ લેબલવાળી ફાઈલોનું વિતરણ કર્યું. જોકે ફાઈલોમાં લગભગ ૨૦૦ પાનાના દસ્તાવેજો હતા, ખૂબ જ ઓછા નવા હતા, અને તેમાંથી કોઈ પણ રૂઢિચુસ્તો જે માંગ કરી રહ્યા હતા તે નહોતા. ફોક્સ ન્યૂઝ પર બોન્ડી દેખાયા તેના એક અઠવાડિયા પછી જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું વહીવટીતંત્ર એપસ્ટેઇનના ગ્રાહકોની સૂચિ જાહેર કરવાની યોજના બનાવી રહ્યું છે. તેણીએ કહ્યું, ‘‘તે હમણાં સમીક્ષા માટે મારા ડેસ્ક પર છે.‘‘ તેણીએ પછીથી સ્પષ્ટતા કરી કે તેણીનો અર્થ વ્યાપક ફાઈલ હતો, ચોક્કસ ક્લાયન્ટ સૂચિ નહીં. પરંતુ દસ્તાવેજો જાહેર કરવાનો ઉન્મત્ત ઉત્સાહ ઓછો થઈ ગયો જ્યાં સુધી ન્યાય વિભાગે ૭ જુલાઈના રોજ સહી વગરનો બે પાનાનો મેમો જારી ન કર્યો જેમાં કહેવામાં આવ્યું હતું કે કોઈ ક્લાયન્ટ સૂચિ નથી, જેફરી એપસ્ટીને આત્મહત્યા કરી છે, અને એપસ્ટીન ફાઈલ દસ્તાવેજોની સામગ્રીનો વધુ ખુલાસો ‘‘યોગ્ય કે વાજબી રહેશે નહીં‘‘. જુલાઈના અંતમાં, વોલ સ્ટ્રીટ જર્નલે અહેવાલ આપ્યો હતો કે બોન્ડીએ મે મહિનામાં ટ્રમ્પને કહ્યું હતું કે તેમનું નામ કેટલાક દસ્તાવેજોમાં છે જે હજુ સુધી જાહેર કરવામાં આવ્યા નથી. તેમનું નામ કથિત રીતે કયા સંદર્ભમાં દેખાયું અથવા તેનું મહત્વ અસ્પષ્ટ હતું. ટ્રમ્પે ઇનકાર કર્યો છે કે બોન્ડીએ તેમને કહ્યું હતું કે તેમનું નામ ફાઈલોમાં છે. વહીવટીતંત્રે ફેડરલ કોર્ટોને ગ્રાન્ડ જ્યુરી કાર્યવાહી જાહેર કરવા માટે હાકલ કરીને કટોકટીને ઓછી કરવાનો પ્રયાસ કર્યો, જ્યારે કેન્ટુકીના રિપબ્લિકન કોંગ્રેસમેન થોમસ મેસી અને કેલિફોર્નિયાના ડેમોક્રેટ કોંગ્રેસમેન રો ખન્નાએ એપ્સટિન ફાઈલો જાહેર કરવા માટે દ્વિપક્ષીય બિલનો મુસદ્દો તૈયાર કર્યો, પરંતુ પીડિતોને નુકસાન પહોંચાડી શકે તેવા તત્વોની ઓળખ અથવા તેમાં સમાવેશ કર્યા વિના. ગૃહમાં બિલ પર મતદાન કરવાને બદલે, સ્પીકર માઈક જોહ્નસને ઓગસ્ટના રિસેસ માટે ગૃહના સભ્યોને વહેલા ઘરે મોકલી દીધા. તે જ સમયે, એક અત્યંત અસામાન્ય પગલામાં, બોન્ડીના ડેપ્યુટી, ટોડ બ્લેન્ચે જેલમાં ઘિસ્લેન મેક્સવેલ સાથે વાત કરવામાં બે દિવસ વિતાવ્યા. કેટલાક માને છે કે મેક્સવેલ સરકારને જે કંઈ કહે છે તેના પર વિશ્વાસ કરી શકાતો નથી કારણ કે તેણીને રાષ્ટ્રપતિની માફી મળી શકે છે. બ્લેન્ચ સાથે વાત કર્યાના થોડા સમય પછી, મેક્સવેલને ફ્લોરિડાની ફેડરલ જેલમાંથી ટેક્સાસની લઘુત્તમ સુરક્ષાવાળી જેલમાં સ્થાનાંતરિત કરવામાં આવી હતી. ઓક્ટોબર ૨૦૨૫ માં, સુપ્રીમ કોર્ટે મેક્સવેલની સજા સામેની અપીલ સાંભળવાનો ઇનકાર કર્યો, જેના કારણે તેણીને ટ્રમ્પ તરફથી માફી મળી, કારણ કે તેણીને ૨૦ વર્ષની સજા ભોગવવાનો એકમાત્ર સંભવિત વિકલ્પ હતો.

### વિકૃત શાસક વર્ગ અને ભ્રષ્ટ મૂડીવાદી વ્યક્તિઓના ઊંડા ગુનાહિત નેટવર્કને કર્યું ઉજાગર

ત્રણ મિલિયનથી વધુ એપ્સટાઇન ફાઈલો, જેમાં પહેલાથી જ પ્રકાશિત થયેલી ફાઈલોનો સમાવેશ થાય છે, તે માત્ર વિકૃત શાસક વર્ગ અને ભ્રષ્ટ મૂડીવાદી સમાજમાં વ્યક્તિઓના ઊંડા ગુનાહિત નેટવર્કને ઉજાગર કરે છે જેમને યુવાન છોકરીઓ માટે અતૃપ્ત જાતીય ભૂખ છે, પરંતુ તેમની શક્તિ, પ્રભાવ અને જવાબદારીનો અભાવ પણ ઉજાગર કરે છે. સેક્સ ટ્રાફિકિંગ અને યુવાન છોકરીઓનું શોષણ એ સામાજિક, રાજકીય અને આર્થિક ભદ્ર વર્ગના આ ગુનાહિત નેટવર્કના લક્ષણો છે. આ શોષણકારી, અનૈતિક અને જાતીય રીતે વિકૃત નેટવર્ક વિશ્વભરના વ્યક્તિઓ, સમાજ, સંસ્કૃતિ, રાજકારણ, રાજ્યો અને સરકારો માટે દૂરગામી પરિણામો ધરાવે છે. દૈહિક મૂડીવાદના આ સફેદ કોલર ગુંડાઓ દૂરગામી પરિણામો લાવશે, જેના પરિણામો તાત્કાલિક સમજણની બહાર છે.

### એપ્સ્ટિન ફાઈલોના પ્રકાશન દ્વારા ઉભો થયેલો પ્રાથમિક ખતરો

આ ચોક્કસ સમયે એપ્સ્ટિન ફાઈલોનું પ્રકાશન ન્યાય વિશે ઓછું લાગે છે, પરંતુ બજાર–સંચાલિત લોકશાહી, બુર્જુઆ રાજ્ય અને મૂડીવાદી અને સામ્રાજ્યવાદી વૈશ્વિક વ્યવસ્થાની નિષ્ફળતાઓ પરથી વ્યવસ્થિત રીતે લોકોનું ધ્યાન હટાવવા વિશે છે, જે સમાનતા, સ્વતંત્રતા અને ન્યાય પ્રદાન કરવાના સંદર્ભમાં લોકોની દૈનિક ભૌતિક અને આધ્યાત્મિક જરૂરિયાતોને પૂર્ણ કરવામાં સંસ્થાકીય અને પ્રક્રિયાગત રીતે નિષ્ફળ ગયા છે. કામ કરતા લોકોનો સામનો કરી રહેલા ઘણા ભૌતિક સંકટ મૂળભૂત રીતે મૂડીવાદી પ્રણાલી દ્વારા જ બનાવવામાં આવે છે, જે જીવનના પાયા, લોકોના ગૌરવ અને માનવ તરીકે એકબીજામાં વિશ્વાસની ભાવનાને જોખમમાં મૂકે છે. વિશ્વાસ જાહેર જીવનનો કેન્દ્ર છે – રાજકીય, કાનૂની, સામાજિક, આર્થિક અને બૌદ્ધિક પ્રક્રિયાઓ, નીતિઓ, સંસ્થાઓ અને વ્યક્તિઓમાં – અને આ એપ્સ્ટિન ફાઈલોના પ્રકાશન દ્વારા ઉભો થયેલો પ્રાથમિક ખતરો છે. આ ફાઈલોના વિવિધ પાસાઓનું વ્યવસ્થિત પ્રકાશન રાજકીય નેતાઓ, બૌદ્ધિકો, પત્રકારો, કોર્પોરેટ અધિકારીઓ અને અન્ય પ્રભાવશાળી વ્યક્તિઓમાં જાહેર વિશ્વાસને નબળી પાડે છે. જાહેર વિશ્વાસ અને વિશ્વાસમાં ઘટાડો બિનરાજકીયકરણની સંસ્કૃતિના વિકાસ માટે કેન્દ્ર છે, જે પોતે મૂડીવાદની મુખ્ય જરૂરિયાત છે. લોકશાહી રાજકીય જવાબદારી રાજકીય, કાનૂની અને આર્થિક પ્રણાલીઓમાં નિયંત્રણ અને સંતુલન રજૂ કરે છે – જવાબદારીની પદ્ધતિઓ જે મૂડીવાદ માટે અનાદર છે. પરિણામે, વિશ્વાસપાત્ર, બિનરાજકીય અને બિનજવાબદાર સંસ્કૃતિ મૂડીવાદી વર્ચસ્વ માટે અનુકૂળ છે. આ વિશ્વાસપાત્ર સંસ્કૃતિ, નફા–સંચાલિત ઉત્પાદન પ્રણાલીઓ, ઉત્પાદકતાવાદી મૂલ્યો અને વપરાશ પેટર્નની ક્ષણિક પ્રકૃતિ સાથે, મૂડીવાદના સતત અસ્તિત્વ માટે મૂળભૂત છે. તેથી, મૂડીવાદના પુજારીઓ અવિશ્વાસની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા અને તેને વધુ ઊંડી બનાવવા માટે દરેક તક અને દરેક ઘટનાનો ઉપયોગ કરે છે. એપ્સટિન ફાઈલ્સની વાર્તા જનતાની નજરમાં લોકશાહી રાજ્યો અને સરકારોની સત્તાને નબળી પાડે છે, કારણ કે તે દર્શાવે છે કે શાસક વર્ગમાં કેટલાક લોકો એપ્સટિન નેટવર્કના ગેરકાયદેસર અને અનૈતિક સામ્રાજ્ય અને તેની ભયાનક ગુનાહિત પ્રવૃત્તિઓમાં સામેલ હતા. લોકશાહી કાયદાનું પાલન કરતા રાજ્યો અને સરકારોને નબળા પાડવા લાંબા સમયથી મૂડીવાદનો મુખ્ય એજન્ડા રહ્યો છે. મૂડીવાદ સરમુખત્યારશાહી રાજ્યો અને સરકારોને પસંદ કરે છે જે મૂડીવાદી વ્યવસ્થાના આદેશોનું વિશ્વાસપૂર્વક પાલન કરે છે. શાસનના લોકશાહી સ્વરૂપો અથવા કટ્ટરપંથી માનસિકતા ધરાવતા રાજ્યો અસામાન્ય માનવામાં આવે છે અને તેથી મૂડીવાદી બજારો અને તેમના એજન્ટો માટે અસ્વીકાર્ય છે.

# લોનના બહાને પોસ્ટમેન સાથે કરોડોની છેતરપિંડી

## સાઢુભાઈએ જ મિત્રો સાથે મળી જમીન પચાવી પાડી: ખારચીયા ગામની કિંમતી જમીન હડપવા રચાયું મોટું કાવતરું
## લોન આપવાના નામે દસ્તાવેજ કરાવી લઈ ૧ કરોડની ખંડણી જેવી માંગણી કરાતા ચાર શખ્સો સામે ગુનો નોંધાયો

રાજકોટ, તા. ૮

રાજકોટમાં સગા સંબંધીઓ પર વિશ્વાસ મૂકવો હવે જોખમી બની રહ્યો હોય તેવી એક ઘટના સામે આવી છે. રાજકોટ તાલુકાના ખારચીયા ગામે રહેતા અને પોસ્ટમેન તરીકે ફરજ બજાવતા રમેશભાઈ છગનભાઈ ભુવા-પટેલ નામના આધેડ સાથે તેમના જ સાઢુભાઈએ લોન અપાવવાની લાલચ આપી તેમની કિંમતી ખેતીની જમીન પચાવી પાડી છે. આ મામલે લાંબી તપાસ બાદ પોલીસ કમિશનરની મંજૂરીથી આજીડેમ પોલીસ મથકે ચાર શખ્સો વિરુદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાઈ છે.




ફરિયાદની વિગત મુજબ, આ છેતરપિંડીની શરૂઆત એપ્રિલ ૨૦૨૩માં થઈ હતી. રમેશભાઈના સાઢુભાઈ સુરેશભાઈ પોપટભાઈ તાલપરાએ તેમને વિશ્વાસમાં લીધા હતા કે તેમને સોપારીના ધંધામાં મોટું નુકસાન ગયું છે અને તાત્કાલિક ૧૫ લાખ રૂપિયાની જરૂર છે. રમેશભાઈ પાસે રોકડ ન હોવાથી, સુરેશભાઈએ મધુરું બોલીને લાલચ આપી હતી કે, ''તમારી જમીન પર લોન કરાવી આપો, હું ૬ મહિનામાં લોન ભરી દઈશ અને તમારી જમીન ચોખ્ખી કરી આપીશ.'' સગા સાઢુભાઈ હોવાથી રમેશભાઈ તેમની વાતોમાં આવી ગયા હતા.

ષડયંત્રના ભાગરૂપે સુરેશભાઈ રમેશભાઈને રાજકોટમાં ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલી 'પટેલ ઈન્વેસ્ટર' નામની ઓફિસે લઈ ગયા હતા. ત્યાં અલ્પેશભાઈ દોંગા નામના શખ્સે જમીનના કાગળો જોઈ ૧૭.૫૦ લાખની લોન પાસ થઈ જશે તેવી ખાતરી આપી હતી. ત્યારબાદ અન્ય આરોપીઓ ધર્મેન્દ્રભાઈ ઠેસીયા અને પરસોતમભાઈ લુણાગરીયાએ ખારચીયા ગામે જઈ જમીનની ચકાસણી કરી હતી. આ બધું એટલી સિફતપૂર્વક કરવામાં આવ્યું હતું કે ફરિયાદીને જરાય શંકા ન જાય કે તેમની જમીન વેચવાનું કાવતરું ઘડાઈ રહ્યું છે.

મે ૨૦૨૩માં રમેશભાઈને રાજકોટ જૂની કલેકટર ઓફિસ (મામલતદાર કચેરી) ખાતે બોલાવવામાં આવ્યા હતા. ત્યાં આરોપીઓએ રમેશભાઈને સમજાવ્યું હતું કે લોનની સિક્યોરિટી પેટે માત્ર લખાણ કરવાનું છે. મામલતદાર સમૂહ રજૂ કરતી વખતે પણ આરોપીઓએ રમેશભાઈને સમજાવ્યું હતું કે સાહેબ જે પૂછે તેમાં 'હા' પાડવી. આ રીતે લોનના કાગળોના બહાને રમેશભાઈ પાસે જમીનનો 'રજીસ્ટર વેચાણ દસ્તાવેજ' કરાવી લેવામાં આવ્યો હતો. ત્યારબાદ ૯.૬૦ લાખનો ચેક રમેશભાઈને આપી, તે રકમ પણ લોન ભરપાઈ કરવાના નામે સાઢુભાઈએ પરત મેળવી લીધી હતી.

છેતરપિંડીનો ભાંડો ત્યારે ફૂટ્યો જ્યારે માર્ચ ૨૦૨૫માં રમેશભાઈના ઘરે જમીન અંગેની ૧૩૫(ડી)ની નોટિસ આવી. જેમાં જાણવા મળ્યું કે તેમની જમીન તો ધર્મેન્દ્રભાઈ ઠેસીયાના નામે થઈ ગઈ છે. આ બાબતે જ્યારે સામાપક્ષ સાથે સમાધાનની બેઠક યોજાઈ ત્યારે આરોપીઓએ અસલી સ્વરૂપ બતાવ્યું હતું. રમેશભાઈએ વ્યાજ સાથે ૨૦ લાખ પરત આપવાની તૈયારી બતાવી હોવા છતાં, આરોપીઓએ પઠાણી ઉઘરાણી કરતા જણાવ્યું હતું કે, ''જો જમીન પાછી જોઈતી હોય તો વ્યાજ સહિત ૧ કરોડ રૂપિયા આપો, નહીંતર જમીન ભૂલી જજો.

પોતાની જીવનભરની કમાણી જેવી જમીન ગુમાવવાનો વારો આવતા રમેશભાઈએ પોલીસ કમિશનર સમક્ષ ન્યાયની ગુહાર લગાવી હતી. આજીડેમ પોલીસ સ્ટેશનના પ્રો. પી.એસ.આઈ. એસ.વી. ગોહિલે જણાવ્યું છે કે સુરેશભાઈ તાલપરા, ધર્મેન્દ્રભાઈ ઠેસીયા, અલ્પેશભાઈ દોંગા અને પરસોતમભાઈ લુણાગરીયા વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



## રાજકોટ કોર્ટના ઈતિહાસમાં ચોંકાવનારી ઘટના

# કસ્ટડીનો આદેશ થતા જ આરોપી કોર્ટ રૂમમાંથી ફરાર!

## ગારીડા ગામના જેન્તિભાઈ મોહનભાઈ બથવાર વિરૂધ્ધ ડેપ્યુટી રજિસ્ટ્રારની યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ

રાજકોટ, તા. ૮

શહેરની અદાલતમાં કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાવતી એક ગંભીર ઘટના પ્રકાશમાં આવી છે. રાજકોટની ૯૯મી અધિક સેશન્સ કોર્ટમાં સુનાવણી દરમિયાન, જ્યુડિશ્યલ કસ્ટડીનો હુકમ થતાં જ આરોપી પોલીસ અને કોર્ટ સ્ટાફની નજર ચૂકવીને કોર્ટ હાઉસમાંથી ભાગી છૂટ્યો હતો. આ મામલે કોર્ટના ડેપ્યુટી રજીસ્ટ્રાર દ્વારા બી.એન.એસ.ની કલમ હેઠળ ફોજદારી ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મળતી વિગતો મુજબ, સેશન્સ કેસ નં. ૬૩/૨૦૨૩ની સુનાવણી દરમિયાન આરોપી જેન્તિભાઈ મોહનભાઈ બથવાર (રહે. ગારીડા) અદાલતમાં હાજર હતા. અગાઉ સતત ગેરહાજર રહેવા બદલ તેમની સામે નોન-બેલેબલ વોરન્ટ નીકળેલું હતું. આરોપીએ વોરન્ટ રદ કરવાની અરજી કરી હતી, પરંતુ નામદાર કોર્ટે તેમની ગંભીરતાને ધ્યાને લઈ આ અરજી નામંજૂર કરી હતી અને તેમને તાત્કાલિક જ્યુડિશ્યલ કસ્ટડીમાં લઈ રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવાનો આદેશ કર્યો હતો.

કોર્ટના આદેશ બાદ આરોપીને કોર્ટ રૂમની પાછળની હરોળમાં બેસવા માટે સૂચના આપવામાં આવી હતી. જ્યારે અદાલતના સંબંધિત કર્મચારી જેલ વોરન્ટ તૈયાર કરવાની પ્રક્રિયા કરી રહ્યા હતા, તે દરમિયાન તકનો લાભ ઉઠાવી આરોપી જેન્તિભાઈ બથવાર કોર્ટની જાણ બહાર ચૂપચાપ કોર્ટ હાઉસ છોડીને ભાગી છૂટ્યો હતો. થોડી વાર બાદ જ્યારે આરોપીનો પોકાર કરવામાં આવ્યો ત્યારે તે ગેરહાજર જણાતા કોર્ટ સંકુલમાં દોડધામ મચી ગઈ હતી.

આરોપીએ કોર્ટના આદેશનો સરેઆમ ભંગ કરી કસ્ટડીમાંથી નાસી જવાની ઘટનાને નામદાર અદાલતે અત્યંત ગંભીર ગણાવી હતી. આ અંગે ડિસ્ટ્રિક્ટ કોર્ટના જ્યુડિશ્યલ શાખાના ડેપ્યુટી રજીસ્ટ્રાર દિગ્નેશભાઈ અરવિંદભાઈ ભટ્ટ દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પોલીસે આરોપી જેન્તિભાઈ મોહનભાઈ બથવાર તેમજ તેને ભાગવામાં મદદ કરનાર અજાણ્યા શખ્સો વિરુદ્ધ બી.એન.એસ.ની કલમ-૨૬૨ હેઠળ ગુનો નોંધી આરોપીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. કોર્ટ રૂમમાંથી જ આરોપી ફરાર થઈ જવાની આ ઘટનાએ ન્યાયિક વર્તુળોમાં ભારે ચર્ચા જગાવી છે.

## તારે અમારું રીક્ષાનું ભાડું નહીં કરવાનું અને મારા મમ્મીનો ફોન આવે તો પણ લેવા-મૂકવા જવું નહીં કહી ડખ્ખો

# સાધુ વાસવાણી રોડ પર રીક્ષા ચાલક પર પાઈપથી હુમલો

રાજકોટ, તા. ૮

શહેરના રૈયા ગામ વિસ્તારમાં રહેતા અને રીક્ષા ચલાવી ગુજરાન ચલાવતા ગઢવી યુવાન પર સાધુ વાસવાણી રોડ પાસે બે શખ્સોએ હુમલો કરી માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. આ મામલે ગાંધીગ્રામ-૨ પોલીસ મથકના એ.એસ.આઈ. દ્વારા હોસ્પિટલના બિછાને રહેલા યુવાનની ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



ફરિયાદ વિગત મુજબ, રૈયા ગામમાં રહેતા ૨૧ વર્ષીય મહેશભાઈ ધારશીભાઈ માલાણી આજે બપોરના અઢી વાગ્યાના અરસામાં પોતાની રીક્ષા લઈને સાધુ વાસવાણી રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન ઓમદીપસિંહ જાડેજા નામના શખ્સે તેમને ફોન કરી વચ્છરાજ હોટેલ પાસે પેટ્રોલના પૈસાની જરૂર હોવાનું કહી બોલાવ્યા હતા. મહેશભાઈ ત્યાં પહોંચતા જ ઓમદીપસિંહ અને તેનો મિત્ર રાઘે ઉર્ફે કયલો ત્યાં હાજર હતા.

મહેશભાઈ ઓમદીપસિંહના માતા ઉમાબા જાડેજાને નિયમિત રીતે રીક્ષામાં લેવા-મૂકવા (ભાડે) જતાં હતા, જે બાબત ઓમદીપસિંહને પસંદ નહોતી. આ બાબતે બોલાચાલી કરી આરોપીઓએ જણાવ્યું હતું કે, ''તારે અમારું રીક્ષાનું ભાડું નહીં કરવાનું અને મારા મમ્મીનો ફોન આવે તો પણ લેવા-મૂકવા જવું નહીં.'' આટલું કહી બંને શખ્સોએ ગાળો આપી ઝઘડો શરૂ કર્યો હતો.

ઝઘડો ઉગ્ર બનતા રાઘે ઉર્ફે કયલાએ પ્લાસ્ટિકના ધોકા વડે મહેશભાઈને આડેધડ માર મારવાનું શરૂ કર્યું હતું, જ્યારે ઓમદીપસિંહે ઢીકાપાટુનો માર માર્યો હતો. આસપાસના લોકો એકઠા થઈ જતાં બંને હુમલાખોરો ત્યાંથી નાસી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત મહેશભાઈને તાત્કાલિક ૧૦૮ મારફતે રાજકોટ સિવિલ હોસ્પિટલના સર્જરી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા છે. હાલ પોલીસ આ મામલે વધુ તપાસ ચલાવી રહી છે.

# બેડીમાંથી દેશી પિસ્ટલ-કાર્ટીસ સાથે નામચીન ઝડપાયો

## ઝડપાયેલો ભૂરો લૂંટ, મારામારી સહિત પાંચ ગુનાઓમાં સામેલ શહેર SOGની કાર્યવાહી

રાજકોટ, તા. ૮

શહેરમાં ગેરકાયદેસર હથિયારોના દૂષણને ડામી દેવા માટે પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) જગ્દીશ બાંગરવા તથા મદદનીશ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) ભરત બી. બસીયા દ્વારા આપવામાં આવેલી કડક સૂચનાઓને પગલે એસ.ઓ.જી. શાખાને મોટી સફળતા મળી છે. એસ.ઓ.જી.ના પોલીસ ઇન્સ્પેક્ટર એસ.એમ. જાડેજાના માર્ગદર્શન હેઠળ ટીમ જ્યારે પેટ્રોલિંગમાં હતી, ત્યારે ચોક્કસ બાતમીના આધારે બેડી ગામ (વાછકપર) વિસ્તારમાંથી એક શખ્સને ઘાતક હથિયાર સાથે દબોચી લેવામાં આવ્યો છે.




એસ.ઓ.જી.ના પોલીસ સબ ઇન્સ્પેક્ટર વી.કે. ઝાલા, એ.એસ.આઈ. રાજેશભાઇ બાળા તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ સિદ્ધરાજસિંહ જાડેજાને મળેલી સચોટ હકીકતના આધારે બેડી ગામના જાહેર રસ્તા પર વોચ ગોઠવવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન હરેશ ઉર્ફે ભુરો મોતીભાઈ જાદવ (ઉં.વ. ૩૦) નામનો શખ્સ શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. તેની તલાશી લેતા તેની પાસેથી ૧૦,૦૦૦ રૂપિયાની કિંમતની એક દેશી બનાવટની પિસ્ટલ, ૩ નંગ જીવતા કાર્ટીસ (કિં. રૂ. ૩૦૦) તથા ૧ નંગ ફૂટેલું ખાલી કાર્ટીસ મળી આવ્યું હતું. આ ઉપરાંત, ગુનામાં વપરાયેલ એક્સેસ મોટરસાયકલ (નંબર GJ-03-NM-3276, કિં. રૂ. ૩૫,૦૦૦) સહિત કુલ રૂપિયા ૪૫,૩૦૦નો મુદ્દામાલ કબ્જે કરી ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં આર્મ્સ એક્ટની કલમ ૨૫(૧-બી) એ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે.

પકડાયેલ આરોપી હરેશ ઉર્ફે ભુરો મોતીભાઈ જાદવ અગાઉ પણ અનેક ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. તેના વિરુદ્ધ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન (દારૂ)ના પાંચ અલગ-અલગ ગુનાઓ નોંધાયેલા છે, જેમાં ૨૦૧૯, ૨૦૨૧, ૨૦૨૨ અને ૨૦૨૫ ના વર્ષોનો સમાવેશ થાય છે. આ સિવાય તેની સામે આઈ.પી.સી.ની કલમ ૩૭૯ હેઠળ ચોરીનો ગુનો, કલમ ૩૯૪ હેઠળ લૂંટ અને ઇજા પહોંચાડવાનો ગંભીર ગુનો, તેમજ મારામારી અને ગાળાગાળી કરવા બદલ કલમ ૩૨૩, ૩૨૪, ૫૦૪ હેઠળ પણ ગુનાઓ દાખલ થયેલા છે. તાજેતરમાં તેની સામે જી.પી. એક્ટ ૧૩૫ હેઠળ પણ કાર્યવાહી કરવામાં આવી હતી. આમ, નવ જેટલા ગુનાઓમાં સંડોવાયેલો આ શખ્સ ફરી એકવાર હથિયાર સાથે ઝડપાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ સફળ કામગીરીમાં એસ.ઓ.જી.ના પોલીસ ઇન્સ્પેક્ટર એસ.એમ. જાડેજા, પી.એસ.આઈ. વી.કે. ઝાલા, એ.એસ.આઈ. રાજેશભાઈ બાળા, તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ સિદ્ધરાજસિંહ જાડેજા, ઉપેન્દ્રસિંહ ઝાલા અને મહાવીરસિંહ ઝાલા જોડાયા હતા.

## તમે અત્યારે CBIની નજરમાં છો, તમારે કેસની તપાસ પૂરી ન થાય ત્યાં સુધી કેમેરા સામે જ રહેવું પડશે કહી સાયબર ઠગબાજોનો વધુ એક શિકાર

# ડિજિટલ અરેસ્ટ કરી વૃદ્ધ પાસેથી ૯ લાખ પડાવ્યા

## તમારા નામે એક પાર્સલ તાઈવાન મોકલવામાં આવ્યું છે, જેમાં ડ્રગ્સ અને નકલી પાસપોર્ટ મળી આવ્યા છે કહીને ફસાવ્યા

રાજકોટ, તા. ૮

ડિજિટલ ઍરેસ્ટની વધ એક ઘટના સામે આવી છે. અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં રહેતા એકયાસી વર્ષના નિવૃત્ત વૃદ્ધને એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે અત્યંત પ્રોફેશનલ અવાજમાં પોતાની ઓળખ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના અધિકારી તરીકે આપી હતી. ઠગબાજોએ વૃદ્ધને જણાવ્યું કે, ''તમારા નામે એક પાર્સલ તાઈવાન મોકલવામાં આવ્યું છે, જેમાં ડ્રગ્સ અને નકલી પાસપોર્ટ મળી આવ્યા છે.'' આ સાંભળીને વૃદ્ધ હેબતાઈ ગયા હતા, જેનો ફાયદો ઉઠાવી ઠગબાજોએ તેમને કાયદેસરની કાર્યવાહીની ધમકી આપવાનું શરૂ કર્યું હતું.

ઠગબાજોએ વૃદ્ધને સ્કાઈપ એપ્લિકેશન ડાઉનલોડ કરાવી અને વીડિયો કોલ પર આવવા મજબૂર કર્યા. તેમને કહેવામાં આવ્યું કે ''તમે અત્યારે સીબીઆઈની નજરમાં છો અને તમારે આ કેસની તપાસ પૂરી ન થાય ત્યાં સુધી કેમેરા સામે જ રહેવું પડશે.'' વૃદ્ધને તેમના જ ઘરમાં એક રૂમમાં પૂરાઈ રહેવા અને કોઈનો પણ ફોન ન ઉપાડવા દબાણ કરવામાં આવ્યું. આ 'ડિજિટલ અરેસ્ટ' દરમિયાન વૃદ્ધ એટલા માનસિક દબાણમાં આવી ગયા હતા કે તેઓ સાચું-ખોટું પારખવાની સ્થિતિમાં રહ્યા નહોતા.

નકલી અધિકારીઓએ વૃદ્ધને વિશ્વાસ અપાવ્યો કે જો તેઓ તેમના બેંક ખાતામાં રહેલી રકમ 'સરકારી સુરક્ષિત ખાતા'માં ટ્રાન્સફર કરશે, તો તેની તપાસ કરવામાં આવશે અને જો તેઓ નિર્દોષ સાબિત થશે તો રકમ પરત કરી દેવાશે. ડરના માર્યા વૃદ્ધે પોતાના જીવનભરની બચતમાંથી ૯.૪ લાખ રૂપિયા ઠગબાજોએ આપેલા અલગ-અલગ બેંક એકાઉન્ટ્સમાં ટ્રાન્સફર કરી દીધા. ટ્રાન્ઝેક્શન પૂર્ણ થયા બાદ ઠગબાજોએ કોલ કાપી નાખ્યો અને ગાયબ થઈ ગયા.

સાયબર એક્સપર્ટ્સની સલાહ: કઈ વાતોનું ધ્યાન રાખશો? આ કિસ્સો સોશિયલ મીડિયા અને શહેરમાં ચર્ચાનો વિષય બન્યો છે. સાયબર નિષ્ણાતો આ મુજબની સાવચેતી રાખવા જણાવે છે. પોલીસ કે ઈઈઈ ક્યારેય વોટ્સએપ કે સ્કાઈપ પર સમન્સ મોકલતી નથી કે ધરપકડ કરતી નથી.

નાણાકીય લેવડદેવડ: કોઈપણ સરકારી તપાસમાં ફોન પર નાણાં ટ્રાન્સફર કરવાનું કહેવામાં આવતું નથી. ભયનું વાતાવરણ: ઠગબાજો હંમેશા તમને ઉતાવળ કરવા અને ડરવા પર મજબૂર કરશે, જેથી તમે વિચારી ન શકો. આવા સમયે ફોન કાપીને તુરંત પરિવારના સભ્યો કે પોલીસને જાણ કરવી.

વૃદ્ધને છેતરાયા હોવાનો અહેસાસ થતા તેમણે અમદાવાદ સાયબર ક્રાઈમ સેલમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને બેંક ટ્રાન્ઝેક્શનના આધારે ઠગબાજોના લોકેશન ટ્રેસ કરવાની કાર્યવાહી હાથ ધરી છે. જોકે, નિષ્ણાતો કહે છે કે રકમ ટ્રાન્સફર થયાના ગોલ્ડન અવર પહેલા ૧-૨ કલાકમાં જો ૧૯૩૦ પર જાણ કરવામાં આવે, તો રકમ ફ્રીઝ થવાની શક્યતા વધુ રહે છે.





# મોબાઈલનું વ્યસન બાળકો માટે જીવલેણ



## બાળકો સામેના ગુન્હાઓ ૧૦ ટકા વધ્યા : સાયબર ક્રાઈમના કેસોમાં ૩૧.૨ ટકાનો વધારો

## ઓનલાઇન ગેમ્સ તથા વાલીઓનું બાળકો પરનું ઓછું ધ્યાન ભવિષ્યમાં નોતરી શકે છે મોટી આફત

રાજકોટ, તા. ૮
સંશોધકોએ શોધી કાઢ્યું છે કે જે બાળકો ફોન, વિડીયો ગેમ્સ અથવા સોશિયલ મીડિયાના ખૂબ જ વ્યસની હોય છે તેમનામાં આત્મહત્યાના વિચારો આવવાની અથવા પોતાને નુકસાન પહોંચાડવાની શક્યતા બે થી ત્રણ ગણી વધુ હોય છે. તાજેતરમાં, ગાઝિયાબાદમાં એક દુઃખદ ઘટના બની, જ્યાં ૧૨, ૧૪ અને ૧૬ વર્ષની ત્રણ બહેનોએ તેમના રહેણાંક મકાનના નવમા માળેથી કૂદીને આત્મહત્યા કરી લીધી, જેનાથી સમગ્ર દેશ ચોંકી ગયો. છોકરીઓએ એક ડાયરી છોડી હોવાનું કહેવાય છે જેમાં તેઓએ તેમના માતાપિતાને તેમના લખાણો વાંચવા કહ્યું અને એક નોંધમાં ''માફ કરશો, પપ્પા'' લખીને માફી માંગી. આ ચિંતાજનક કિસ્સાએ ફરી એકવાર બાળકોમાં ઓનલાઈન ગેમિંગ વ્યસનના વધતા જોખમ તરફ ધ્યાન દોર્યું છે.

ભોપાલમાં બીજી એક ઘટના બની, જ્યાં એક ૧૪ વર્ષનો છોકરો તેના ઘરમાં મોબાઇલ ફોનના વ્યસનને કારણે મૃત હાલતમાં મળી આવ્યો. જ્યારે તેના માતાપિતાએ તેને ગેમ રમવાથી રોક્યો ત્યારે તેણે આત્મહત્યા કરી. આપણે વ્યસનના ઘણા કિસ્સા જોયા છે જેમાં કિશોરોએ આવા ખતરનાક પગલાં લીધા છે. આ સમસ્યા વ્યાપક છે. એક વૈશ્વિક અભ્યાસ દર્શાવે છે કે ૭૨% બાળકોએ ઓછામાં ઓછા એક સાયબર ધમકીનો સામનો કર્યો છે. ભારતમાં, તાજેતરના નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (ક્રાઈમ ઇન ઈન્ડિયા ૨૦૨૩) ના અહેવાલ મુજબ ૨૦૨૩ માં બાળકો સામેના ગુનાઓમાં ૯.૨% નો વધારો થયો છે, જ્યારે એકંદરે સાયબર ક્રાઈમના કેસોમાં આશરે ૩૧.૨% નો વધારો થયો છે.

### બાળકોમાં મોબાઈલનું વ્યસન કેમ વધ્યું?

બાળકો એવી દુનિયામાં મોટા થઈ રહ્યા છે જ્યાં ડિજિટલ મનોરંજન હંમેશા તેમની પહોંચમાં હોય છે. મોબાઇલ ગેમ્સ અને એપ્સ ઝડપી પુરસ્કારો, રંગબેરંગી ગ્રાફિક્સ અને સતત જોડાણ દ્વારા ધ્યાન ખેંચવા માટે ડિઝાઇન કરવામાં આવી છે, જેના કારણે યુવા વપરાશકર્તાઓ માટે તેને રોકવું મુશ્કેલ બને છે. સ્માર્ટફોનની સરળ ઍક્સેસ અને અનિયંત્રિત ઑફલાઇન રમત માટે મર્યાદિત તકો સાથે, ઘણા બાળકો મનોરંજન અને આરામના પ્રાથમિક સ્ત્રોત તરીકે સ્ક્રીન પર આધાર રાખે છે, ધીમે ધીમે આંતરિક ડિજિટલ ટેવો વિકસાવે છે. ધ ન્યૂ યોર્ક ટાઇમ્સના એક અભ્યાસ મુજબ, કુલ સ્ક્રીન સમયની તુલનામાં મોબાઇલ ફોન અને સ્ક્રીનના ઉપયોગની વ્યસનકારક પેટર્ન, યુવાનોમાં ભાવનાત્મક તકલીફ અને આત્મહત્યાના વિચારોના વધતા જોખમ સાથે સંકળાયેલી છે.

### સંકેતો આપે છે કે તમારું બાળક મોબાઈલ ગેમ્સનું વ્યસની હોઈ શકે છે

મોબાઈલ ગેમનું વ્યસન ઘણીવાર બાળકના વર્તન, લાગણીઓ અને દિનચર્યામાં નોંધપાત્ર ફેરફારો તરીકે પ્રગટ થાય છે. જે બાળકો સ્ક્રીન પર વધુ પડતા નિર્ભર હોય છે તેઓ ફોનનો ઉપયોગ કરવાની મંજૂરી ન મળે ત્યારે ચીડિયા, બેચેન અથવા ભાવનાત્મક રીતે એકલા પડી શકે છે. તેમની પ્રાથમિકતાઓ બદલાઈ શકે છે, જેમાં અભ્યાસ, બહાર રમવા, ખાવા અને કૌટુંબિક ક્રિયાપ્રતિક્રિયાઓ કરતાં મોબાઈલ ગેમ્સ વધુ મહત્વપૂર્ણ બની જાય છે. નિષ્ણાતો કહે છે કે આ વર્તણૂકીય પેટર્ન એ પ્રારંભિક ચેતવણી સંકેતો છે જેને અવગણવા જોઈએ નહીં, કારણ કે મોબાઈલ ગેમ્સનો વધુ પડતો ઉપયોગ બાળકના માનસિક સ્વાસ્થ્ય અને સામાજિક વિકાસને અસર કરી શકે છે.



### માતાપિતા મોબાઈલ વ્યસનનો સામનો કેવી રીતે કરી શકે છે?

મોબાઈલ વ્યસનનો સામનો કરવા માટે ધીરજ, સુસંગતતા અને સમજણની જરૂર છે. નિષ્ણાતો માતાપિતાને કડક અથવા સરમુખત્યારશાહી વિના નિયમો પ્રત્યે મક્કમ રહેવાની સલાહ આપે છે. ઠપકો આપવાને બદલે, માતાપિતાએ સમજાવવું જોઈએ કે વધુ પડતો સ્ક્રીન સમય કેમ હાનિકારક છે અને તે બાળકના સ્વાસ્થ્ય અને વર્તનને કેવી રીતે અસર કરી શકે છે. જ્યારે બાળકોને સાંભળવામાં અને સમજવામાં આવે છે, ત્યારે તેઓ વધુ સહકાર આપે છે. સ્પષ્ટ સીમાઓ અને દેખરેખ સાધનો સાથે સહાયક વાતાવરણ બનાવવું, મોબાઈલ ગેમ્સ પર નિર્ભરતા ઘટાડવામાં ઘણો આગળ વધી શકે છે.

### કેટલો સ્ક્રીન સમય વધારે છે?

બાળ આરોગ્ય નિષ્ણાતોના મતે, ૫–૧૨ વર્ષની વયના બાળકોએ આદર્શ રીતે દરરોજ ૧–૨ કલાકથી વધુ મનોરંજન સ્ક્રીન સમય ન રાખવો જોઈએ. કિશોરોએ પણ નિયમિત સ્ક્રીન બ્રેક લેતા, સમાન મર્યાદાઓનું પાલન કરવું જોઈએ. દરરોજ આ મર્યાદાઓ ઓળંગવાથી ઊંઘ ઓછી આવવા, આંખો પર તાણ, શારીરિક પ્રવૃત્તિમાં ઘટાડો અને વર્તણૂકીય સમસ્યાઓનું જોખમ વધે છે.

### વધુ પડતા ગેમિંગ સાથે સંકળાયેલ શારીરિક સ્વાસ્થ્ય સમસ્યાઓ

મોબાઈલ વ્યસન ફક્ત માનસિક સ્વાસ્થ્યને અસર કરતું નથી. લાંબા સમય સુધી સ્ક્રીન પર રહેવાથી આંખો પર તાણ, માથાનો દુખાવો, ગરદન અને પીઠનો દુખાવો, ખરાબ મુદ્રા અને હલનચલનના અભાવે વજનમાં વધારો થઈ શકે છે. સમય જતાં, આ સમસ્યાઓ બાળકના એકંદર વિકાસને અસર કરી શકે છે.

### માતાપિતા માટે શું કરવું અને શું ન કરવું

સ્ક્રીન સમયની ચોક્કસ મર્યાદા નક્કી કરો અને તેનું સતત પાલન કરો. બહાર રમવા, રમતગમત, વાંચન અને સર્જનાત્મક શોખને પ્રોત્સાહન આપો. ટેકનોલોજી વિના દરરોજ પરિવાર સાથે સમય વિતાવો. બાળકો શું જુએ છે અને રમે છે તેના વિશે ખુલ્લેઆમ વાત કરો. સ્ક્રીનના ઉપયોગ સાથે સંબંધિત ન હોય તેવા સારા વર્તનની પ્રશંસા કરો અને પુરસ્કાર આપો. તમારા પોતાના સ્ક્રીન સમયને મર્યાદિત કરીને રોલ મોડેલ બનો. તમારા મોબાઈલ ફોનનો ઉપયોગ બેબીસીટર અથવા પેસિફાયર તરીકે કરશો નહીં. સારા વર્તન માટે ઇનામ તરીકે ઉપકરણ ન આપો. સમજાવ્યા વિના અચાનક ફોન છીનવી લેશો નહીં. તમારા બાળકને બૂમો પાડશો નહીં, ધમકી આપશો નહીં અથવા શરમાવશો નહીં. વ્યસનના પ્રારંભિક ચેતવણી ચિહ્નોને અવગણશો નહીં. તમારા બાળકની તુલના અન્ય લોકો સાથે કરશો નહીં. બાળકોમાં મોબાઈલ વ્યસન એક વધતી જતી ચિંતા છે જેને સમયસર ધ્યાન આપવાની જરૂર છે. ટેકનોલોજી અનિવાર્ય છે, પરંતુ તેની અસર ઉપયોગ પર આધાર રાખે છે. યોગ્ય વાલીપણા, સ્પષ્ટ સીમાઓ અને ભાવનાત્મક સમર્થન સાથે, બાળકો સ્ક્રીન સાથે સંતુલિત સંબંધ વિકસાવી શકે છે, જેનાથી ટેકનોલોજી તેમના વિકાસમાં અવરોધ લાવવાને બદલે મદદ કરી શકે છે.

# કેનેડાના વિઝાના નામે લાખો રૂપિયાનો ચુનો

## પીઆર અપાવવા અઠાવન લાખમાં સોદો નક્કી કર્યો, પંદર લાખ ઉસેડી બંને દંપતી પોતે જ વિદેશ ભાગી ગયુ




રાજકોટ, તા. ૮
વિદેશ જવાની ઘેલછા ધરાવતા લોકો સાથે છેતરપિંડીના કિસ્સાઓ સતત વધી રહ્યા છે. અમદાવાદમાં કેનેડાના પીઆર અપાવવાના બહાને એક દંપતીએ અનેક લોકો સાથે લાખો રૂપિયાની ઠગાઈ આચરી હોવાનો સનસનીખેજ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આરોપી દંપતી હાઈકોર્ટ સામે ઓફિસ ખોલીને ભોગ બનનારના લાખો રૂપિયા ઓહિયા કરી કેનેડા ફરાર થઈ ગયું હોવાની ફરિયાદ સોલા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, શહેરના નિકોલ વિસ્તારમાં રહેતા સંદીપભાઈ પટેલ નામના વ્યક્તિને તેમના પરિવાર સાથે કેનેડામાં સ્થાયી થવું હતું. આ માટે તેમણે પોતાના સગાના રેફરન્સથી ગુજરાત હાઈકોર્ટની સામે આવેલા સત્યમ ૬૪ કોમ્પ્લેક્સમાં સ્થિત 'દ્વિશા ઓવરસીઝ' નામની ઓફિસનો સંપર્ક કર્યો હતો. આ ઓફિસના સંચાલક હાર્દવ બાબુ અને તેની પત્ની રુચિતાએ સંદીપભાઈને વિશ્વાસમાં લીધા હતા.

આરોપી દંપતીએ સંદીપભાઈ, તેમની પત્ની અને પુત્રીના કેનેડાના પીઆરની કામગીરી માટે કુલ ૫૮ લાખ રૂપિયા નક્કી કર્યા હતા. શરૂઆતમાં ડોક્યુમેન્ટ્સ અને પ્રોસેસના નામે દંપતીએ ૧૬ લાખ રૂપિયા એડવાન્સ લીધા હતા. લાંબો સમય વીતવા છતાં વિઝા કે પીઆર ન આવતા અને દંપતી સતત વાયદાઓ કરતું હોવાથી સંદીપભાઈને શંકા ગઈ હતી.

સંદીપભાઈએ જ્યારે આ બાબતે તપાસ કરી ત્યારે જાણવા મળ્યું કે આરોપીઓએ તેમના સગા પાસેથી પણ વિઝાના નામે ૧૫ લાખ રૂપિયા પડાવ્યા હતા. જ્યારે તેઓ દંપતીની ઓફિસ પર પહોંચ્યા ત્યારે જાણવા મળ્યું કે હાર્દવ અને તેની પત્ની રુચિતા ઓફિસ બંધ કરીને લાખો રૂપિયા લઈને પોતે જ કેનેડા ફરાર થઈ ગયા છે.

આ અંગે સોલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ દંપતીએ માત્ર સંદીપભાઈ જ નહીં, પરંતુ અન્ય અનેક લોકોને પણ કેનેડા મોકલવાની લાલચ આપીને લાખો રૂપિયાની છેતરપિંડી આચરી છે. પોલીસ હવે આરોપીઓને પરત લાવવા અને ભોગ બનનારને ન્યાય અપાવવા માટે કાયદેસરની કાર્યવાહી કરી રહી છે.

### બે અજાણ્યા તસ્કરો સામે ગુનો નોંધતી ગાંધીગ્રામ-૨ યુનિવર્સિટી પોલીસ

# સ્વામીનારાયણ નગરમાં ૧.૫૩ લાખની ઘરફોડી

## રૈયા ચોકડી વિસ્તારમાંથી વિદેશી દારૂ સાથે હિતેશ ભાટી ઝડપાયો



રાજકોટ, તા.૮
રેલનગરના સ્વામિનારાયણ પાર્કમાં રહેણાંક મકાનમાં ખાબકેલા બે તસ્કરો રોકડ ૭ હજાર તેમજ સોનાના દાગીના મળી ૧.૫૩લાખની મત્તા ચોરી ગયાની ગાંધીગ્રામ બે યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તસ્કરોના સગડ મેળવવા તજવીજ હાથ ધરી છે.

રેલનગરમાં સ્વામિનારાયણ પાર્ક, તુલસી મોબાઈલની બાજુમાં કર્ણાવતી સ્કૂલની સામે, ગલીમાં શ્રીરામ ચોક ખાતે જયંતીભાઈ વાડોલિયાના મકાનમાં ભાડે રહેતા અરવિંદભાઈ દેવરાજભાઈ જેઠવાએ પોતાના ઘરમાથી ૧.૫૩ લાખની મત્તા ચોરાઈ ગઈ હોવાની પોલીસમાં ફરિયાદ કરી છે.

ફરિયાદમાં અરવિંદભાઈ જેઠવાએ જણાવ્યું છે કે તેઓ પત્ની ધીરજબેન તેમજ દીકરો વિરલભાઈ અને વિરલના પત્ની શીતલબેન સહિતના પરિવારજનો સાથે રહે છે. તેવો ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર ધરમનગર શેરી નંબર ૧૧ ના કોર્નર ઉપર બે માળનું મકાન ધરાવે છે. અગાઉ તેવો અમદાવાદ રહેતા હતા. ૧૫ દિવસ પહેલા તેઓ રાજકોટમાં સામાન ભરીને આવતા રહ્યા હતા અને આ જગ્યાએ રહેતા હતા.

ગત તારીખ પાંચમી ફેબ્રુઆરીના રોજ બપોરના તેઓ ધરમનગર વાળા મકાનમાં રીપેરીંગ કામ માટે કડિયાને લઈને ગયા હતા. કડિયાને રીપેરીંગનું કામ બતાવીને તેવો મકાનને તાળું મારી જતા રહ્યા હતા. બીજા દિવસે તેઓ ધરમનગર સ્થિત મકાને સવારે ગયા ત્યારે કિચનની બારીનો કાચ તૂટેલો હોવાનો જોવા મળ્યો હતો.

અહીંથી ઘરમાં ઘૂસેલા તસ્કરોએ રોકડ ૭ હજાર સોનાના પાંચ દાણા, સોનાની બુટ્ટીની એક જોડી, સોનાની કાનની કડી, સોનાની નંગ વાળી વીંટી, બે સીલીંગ ફેન મળી રૂપિયા ૧ લાખ ૫૩ હજારની મત્તા ચોરી ગયાનું જાણવા મળ્યું હતું. સોસાયટીના સીસી કેમેરા તપાસમાં આવતા તા. ૬ ના રોજ રાત્રીના ૧-૫૫થી ૩-૦૦ વાગ્યા દરમિયાન બે અજાણ્યા તસ્કર તેમના મકાનની અંદર પ્રવેશતા જોવા મળ્યા છે. આ બારાની અરવિંદભાઈ દેવરાજભાઈ જેઠવાએ ગાંધીગ્રામ-૨ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આજુબાજુના સીસીટીવી કેમેરાના આધારે તસ્કર સુધી પહોંચવા કવાયત આદરી છે.

### LCB ઝોન-૨ નો દારુ દરોડો

એલસીબી ઝોન-૨ ની ટીમે રૈયા ચોકડી વિસ્તારના પાણીના ટાંકા પાસે જાહેરમાં વિદેશી દારૂ વેચતા હિતેશ ભાટીને ૨૬૭૦૦ના, દારૂના ૮૯ ચપલા સાથે પકડી પાડી ગાંધીગ્રામ-૨ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો છે. કોન્સ્ટેબલ શિવભદ્રસિંહ બાપાલાલ ગોહિલે ફરિયાદમાં જણાવ્યું છે કે આજે બપોરના ત્રણ વાગ્યાની આસપાસ તેઓ હેડ કોન્સ્ટેબલ ધર્મરાજસિંહ કૃષ્ણસિંહ ઝાલા સહિતના સ્ટાફ સાથે ખાનગી વાહનોમાં પેટ્રોલિંગમાં હતા. ત્યારે રૈયા ચોકડી પાસે આવતા હિતેશ મનુ ભાટી નામનો શખ્સ પાણીના ટાંકા પાસે જાહેરમાં વિદેશી દારૂ વેચતો હોવાની બાતમી મળી હતી. દરમિયાન બાતમી વાળી જગ્યાએ પહોંચતા શંકાસ્પદ શખ્સની પૂછપરછ કરતા પોતે હિતેશ મનુ ભાટી હોવાનું અને ઈન્દિરા નગર શેરી-૭ માં રહેતો હોવાનું જણાવ્યું હતું. દરમિયાન તેમની પાસે પડેલું પ્લાસ્ટિકનું બચકું તપાસતા તેમાંથી ૧૮૦ એમ.એલની ૮૯ નંગ દારૂના ચપલા મળવા પામી હતી. રૂપિયા ૨૬,૭૦૦નો મુદ્દામાલ કબજે કરી ગાંધીગ્રામ-૨ યુનિવર્સિટી પોલીસને સોંપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### આવનારા બજેટમાં કરોડો રૂપિયા સ્પોર્ટ પાછળ ખર્ચવાનો મ્યુ. કમિશનરનો દાવો

# મનપા સંચાલિત સ્પોર્ટ્સ ગ્રાઉન્ડની હાલત દયનીય

## એજન્સીઓનો કોન્ટ્રાક્ટ પૂર્ણ થઈ જતા જાળવણી કોણ કરશે તે ૧૦૦ મણનો સવાલ : અનેક વખત રજૂઆતો છતાં સતાધીશો બેધ્યાન

રાજકોટ, તા. ૮

રાજકોટ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ આગામી વર્ષના કોર્પોરેશન બજેટ માટે અનેકવિધ નવા પ્રોજેક્ટ સૂચવ્યા છે પરંતુ તેમના દ્વારા સૂચિત બજેટમાં નવા વર્ષમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સાતો સાત રમતગમતને વધુ પ્રાધાન્ય આપવામાં આવે અને યુવાધન રમતગમત ક્ષેત્રે પોતાની ઉજવળ કારકિર્દીનું નિર્માણ કરે તે હેતુસર વધુને વધુ રમતગમત પાછળ નાણાં ખર્ચવાનો નિર્ણય લીધો છે. એટલું જ નહીં કોમનવેલ્થ ગેમ્સમાં રાજકોટના યુવાઓ આગળ આવે તે હેતુસર હાર્ડ રાજકોટમાં વિવિધ વિસ્તારોમાં સ્પોર્ટ્સ ફેસીલીટી વિકસાવવાનો માસ્ટર પ્લાન પણ ઘડવામાં આવ્યો છે. જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર હાલ આ અંગે આવનારા સમયમાં શું પગલાં લેવામાં આવશે અને જે વિચાર રજુ કરવામાં આવ્યો છે અને જે જોગવાઈ કરાઈ છે તેનું યોગ્ય અનુસરણ થશે કે કેમ તે અંગે અનેકવિધ પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે હાલના જે પણ મહાનગરપાલિકા દ્વારા ગ્રાઉન્ડનું નિર્માણ કરવામાં આવ્યું છે અને તેને જે સોંપી દેવામાં આવ્યા છે તે બાદ જે તે ગ્રાઉન્ડની યોગ્ય જાળવણી થાય છે કે કેમ તે પણ સૌથી મોટો તપાસનો વિષય છે કારણ કે ઘણા ખરા






ગ્રાઉન્ડમાં જે સંભાળ કરનાર એજન્સી છે તેના કોન્ટ્રાક્ટ પૂર્ણ થઈ ગયા છે ત્યારે હવે એ તમામ ગ્રાઉન્ડની મરામત અને તેની જાળવણી કોન કરશે તે પણ હાલ ચર્ચાનો વિષય છે. મહત્વની વાત તો એ છે કે આજની તારીખે પણ ઘણા ખરા મહાનગરપાલિકા સંચાલિત ગ્રાઉન્ડ ઓની હાલત ખૂબ ખરાબ થઈ ચૂકી છે ત્યારે જાણકાર વર્તુળોના કહેવા અનુસાર ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સાતો સાત જે તે ગ્રાઉન્ડની યોગ્ય જાળવણી થાય તે જરૂરી છે જેથી અહીં આવતા ખેલાડીઓને અન્ય કોઈ પ્રશ્ન ન સતાવે.

અગાઉ પણ ગ્રાઉન્ડ સંચાલનને લઈ અનેકવિધ પ્રશ્નો મહાનગરપાલિકામાં ઊભા થયેલા છે પછી તે પાણીનો પ્રશ્ન હોય કે યોગ્ય સાર સંભાળ નો હાલ આ અંગે ઘણા ખરા પ્રશ્નો ભૂતકાળમાં પણ ઊભા થયા હતા અને તેનું નિવારણ આજે પણ નથી આવ્યું. હાલના પ્રવર્તમાન સત્તાધીશોની ટર્મ ગણતરીના ૨૫ થી ૩૦ દિવસની અંદર જ પૂર્ણ થવા જઈ રહી છે ત્યારે આ સળગતો જે મુદ્દો છે તેને કઈ રીતે લેવામાં આવશે તે પણ અત્યંત મહત્વની બાબત પુરવાર થઈ રહી છે. હાલના તબક્કે રમતગમત ક્ષેત્રે સંકળાયેલા લોકોનું કહેવું છે કે કાતો ભૂતકાળમાં જે એજન્સીઓને કામ સોંપવામાં આવ્યું હતું તેઓને ફરી રીન્યુ કરવામાં આવે અને જો તે શક્ય ન હોય તો નવી એજન્સી ને નિમવામાં આવે જેથી કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા ગ્રાઉન્ડ ઓની સ્થિતિ આવનારા દિવસોમાં બિસ્માર ન બને. રેસકોર્સ ગ્રાઉન્ડમાં જ વિવિધ રમતોના ગ્રાઉન્ડ આવેલા છે પરંતુ જો તેની સ્થળ મુલાકાત કરવામાં આવે તો સત્ય હકીકત બહાર આવે તેમ છે કારણકે અહીં તમામ ગ્રાઉન્ડ ઓની જે સ્થિતિ છે તે ધીમે ધીમે દયનીય થતી જાય છે. એટલું જ નહીં જાળવણીના અભાવે ગ્રાઉન્ડનો વિકાસ પણ થઈ શકતો નથી અને જે તે વખતે ગ્રાઉન્ડ બનાવવા પાછળ મહાનગરપાલિકાએ કરોડો રૂપિયા ખર્ચ્યા હતા પરંતુ હાલ તેનું વળતરશું તે અંગે જાણકાર વર્તુળો ચર્ચા કરી રહ્યા છે.

આ ગ્રાઉન્ડની સાર સંભાળ માટે જે પણ લોકો હંગામી ધોરણે કાર્ય કરે છે તેઓ જાણે કંટાળી ગયા હોય તો પણ નવાઈ નહીં અને સતત એ વાત ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે કે મહાનગરપાલિકાના સત્તાધીશો દ્વારા તાકીદે જાળવણી કરવા માટે એજન્સીની નિમણૂક કરવામાં આવે ઘણી ખરી રમતના જે કોચ છે તેઓ પણ ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. જો એજન્સી દ્વારા યોગ્ય જાળવણી કરવામાં આવે તો આવનારો સમય ખરા અર્થમાં રમતગમત ક્ષેત્ર માટે ખૂબ ઉપયોગી પુરવાર થશે પરંતુ હાલની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને લેતા જો આ અંગે તંત્ર યોગ્ય નિર્ણય નહીં લે તો ભવિષ્યમાં હજુ પણ ઘણા ખરા પ્રશ્નો ઊભા થશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

---

### ચેમ્બર ઓફ કોમર્સની કેન્દ્રીય ઉદયન મંત્રી-રાજ્ય સરકારને રજૂઆત : ઈમીગ્રેશન સેવા તાત્કાલિક ચાલુ કરવા માંગ

# હીરાસર એરપોર્ટથી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ શરૂ કરો : ચેમ્બર

રાજકોટ, તા. ૮

સૌરાષ્ટ્રના નજરાણા સમાન નિર્માણ પામેલ રાજકોટ ગ્રીન ફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટનું તા.૨૭મી જુલાઈ ૨૦૨૩ ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે લોકોર્પણ કરવામાં આવેલ હતું. રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર હોય વડાપ્રધાનના નેતૃત્વમાં ઉદ્યોગો ખુબ જ વેગવંતા બન્યા છે. ત્યારે રાજકોટ ખાતે આશરે સવા બે લાખથી વધુ ખજ્બઊ એકમો કાર્યરત હોય અને આયાત-નિકાસ પણ દિન પ્રતિનિધિ વધી રહયું છે. સાથે જ સમગ્ર સૌરાષ્ટ્ર ઐતિહાસીક સ્થળોથી પથરાયેલું હોવાથી વિદેશીઓ સહિત અન્ય રાજયોના પ્રવાસીઓની સંખ્યા પણ વધી રહી છે.

ત્યારે હાલમાં રાજકોટ (હિરાસર) ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી આશરે ૨૬ જેટલી ડોમેસ્ટીક ફલાઈટોનું આવન-જાવન થઈ રહયું છે. ત્યારે રાજકોટ ગ્રીન ફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટનું નિર્માણ થવાને આશરે સવા બે વર્ષ થઈ ગયેલ હોય ઈન્ટરનેશનલ ફલાઈટો એક પણ ઉડાન ભરી રહી નથી. ત્યારે ઈન્ડીગો એરલાઈન્સ સાથે મૌખીક ચર્ચા થયા મુજબ તેઓ




રાજકોટ-દુબઈ અને રાજકોટ-બેન્કોક માટેની ફલાઈટ શરૂ કરવા માટે તૈયાર છે પરંતુ ઈમીગ્રેશનની સુવિધા ઉપલબ્ધ ન હોવાને કારણે તે શકય બની રહયું નથી. જયારે કસ્ટમ્સ કલીયરન્સની સંપુર્ણે પક્રિયા પુર્ણ થઈ ગયેલ છે. વધુમાં રાજકોટ (હિરાસર) ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે ઈમીગ્રેશનની સુવિધા માટે અમદાવાદની Foreigners Regional Registration Office (FRRO) ની ટીમ દ્વારા છેલ્લા નવ માસ પહેલા સર્વે કરવામાં આવેલ હતો અને તેઓ દ્વારા જે સુચનો આપવામાં આવેલ હતા તે પ્રમાણે તમામ ફેરફારો પણ થઈ ગયેલ છે અને તાજેતરમાં જ ત્રણેક માસ પહેલા આ જ કંપની દ્વારા બીજીવાર પણ સર્વે કરવામાં આવેલ હતો અને તમામ વ્યવસ્થાઓ બરાબર હોવાનો અભિપ્રાય પણ આપેલ છે. પરંતુ આજ દીન સુધી ઈમિગ્રેશનની સુવિધા માટે ભારત સરકારના ગૃહમંત્રાલય દ્વારા મંજુરી મળેલ નથી. રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા અગાઉ પણ ઈમીગ્રેશનની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે ભારત સરકારના કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહને પત્ર લખી રજુઆત કરવામાં આવેલ હતી.

આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ વી.પી. વૈષ્ણવ દ્વારા કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહજી, ઉડયનમંત્રી કિન્નજારપ્પુ રોમમોહન નાયડુજી, રાજયકક્ષાના ઉડયનમંત્રી મુરલીધર મોહોલજી, ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીજી સમક્ષ તાત્કાલીક અસરથી રાજકોટ (હિરાસર) ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે ઈમીગ્રેશનની સુવિધા શરૂ કરાવાવા માટે રજુઆત કરવામાં આવેલ છે. જેથી કરીને ઈન્ટરનેશનલ ફલાઈટો વ્હેલીતકે શરૂ થાય અને રાજકોટ-સૌરાષ્ટ્રના વેપાર-ઉદ્યોગકારો અને આમ પ્રજાને ઈન્ટરનેશનલ ફલાઈટોની સુવિધાનો લાભ મળી રહે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.

---

# રાજકોટમાં મહિલાનું અપહરણ કરી બંદૂકની અણીએ દુષ્કર્મ

## ઈન્દોર લઈ જઈને પણ હરેશે હવસખોરી આચરીઃ ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ

રાજકોટ, તા. ૮

શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલ ઉભા કરતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં એક ૩૮ વર્ષીય પરિણીતાનું પિસ્તોલ બતાવી અપહરણ કરી, તેને ઈન્દોર લઈ જઈ નશીલું પીણું પીવડાવી દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાની ફરિયાદ નોંધાઈ છે. પોલીસે આ મામલે વાછકપર બેડી ગામના શખ્સ સામે ગુન્હો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

વિગત મુજબ, આરોપી હરેશભાઇ મોતીભાઇ જાદવ (રહે. વાછકપર બેડી ગામ) અને ભોગ બનનાર મહિલા વચ્ચે આશરે પાંચેક વર્ષ પહેલા રિક્ષામાં મુસાફરી દરમિયાન ઓળખાણ થઈ હતી. ત્રણ વર્ષ પહેલા આરોપીએ મહિલાને પોતાના ઘરે બર્થડે પાર્ટીના બહાને બોલાવી નશીલું પીણું પીવડાવી પ્રથમ વખત પરાણે શરીર સંબંધ બાંધ્યો હતો. આ ઘટના બાદ મહિલાએ આરોપી સાથે તમામ સંબંધો તોડી નાખ્યા હતા, છતાં આરોપી સતત પીછો કરી હેરાન કરતો હતો.

ગત તારીખ ૦૪/૦૨/૨૦૨૬ના રોજ જ્યારે મહિલા એરપોર્ટ રોડ પર આશાપુરા માતાજીના મંદિર પાસે હતી, ત્યારે આરોપી હરેશ સફેદ કલરની કાર લઈને આવ્યો હતો. તેણે મહિલાને પિસ્તોલ બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી, માર મારી બળજબરીથી કારમાં બેસાડી દીધી હતી. ત્યાંથી આરોપી મહિલાને ઇંદોર તેના ઓળખીતાના ઘરે લઈ ગયો હતો, જ્યાં ફરીથી અર્ધબેભાન હાલતમાં મહિલા સાથે દુષ્કર્મ આચર્યું હતું.

ઘટના બાદ આરોપીએ મહિલાને બગોદરા પાસે ઉતારી દીધી હતી અને ધમકી આપી હતી કે જો આ અંગે કોઈને જાણ કરી કે પોલીસ ફરિયાદ કરી તો ‘‘તારા આખા ખાનદાનને પતાવી દઈશ‘‘. જોકે, હિંમત દાખવી મહિલાએ રાજકોટમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ભારતીય ન્યાય સંહિતા (ઇગજ) ની કલમ ૬૪(૨)(એમ), ૮૪, ૧૧૫(૨), ૧૨૩, ૩૫૧(૩) તેમજ આર્મ્સ એક્ટ અને જી.પી. એક્ટ મુજબ ગુન્હો દાખલ કર્યો છે. હાલ પી.એસ.આઈ. પી.બી. વારોતરીયા આ કેસની વધુ તપાસ ચલાવી રહ્યા છે.



---

# કોંગ્રેસ પક્ષમાં આંતરિક જૂથવાદ ચરમસીમાએ

## કાર્યપદ્ધતિ નહીં બદલાય તો સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ કોંગ્રેસ નહીં જીતે : રાજકારણ કરીએ છીએ પણ સ્વમાનના ભોગે નહીં : પ્રવીણ સોરાણી

રાજકોટ, તા. ૮

ભાજપમાં જે રીતે આંતરિક જૂથવાદ હોવાની વાત જાણકાર વર્તુળો કરી રહ્યા છે તે જ પ્રમાણે કોંગ્રેસમાં પણ આંતરિક જૂથવાદ હોવાનું ચિત્ર સામે આવ્યું છે નગરસેવક ના પતિ પ્રવીણ સોરાણી દ્વારા આક્ષેપો કરવામાં આવ્યા છે કે આગામી મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં કોંગ્રેસને એક પણ સીટ નહીં મળે કારણ કે કોંગ્રેસે પોતાની જાગીર સમજી લીધી છે અને પક્ષના કાર્યક્રમમાં જે જુના કોગી આગેવાનો છે તેઓ આવા તૈયાર નથી. પ્રવીણ સુરાણી દ્વારા કરવામાં આવેલા વિવિધ આક્ષેપો ને ધ્યાને લઈ શહેર કોંગ્રેસ પ્રમુખ રાજદીપસિંહ જાડેજાએ કરેલા આક્ષેપોને પાયા વિહોણા ગણાવ્યા હતા અને પક્ષ વિરોધી કાર્યવાહી અને કામગીરી થતી હોવાનું પણ જણાવ્યું હતું. ત્યારે સત્ય હકીકત શું છે અને શું ખરા અર્થમાં મહાનગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસે હારનો સામનો કરવો પડશે કે કેમ તે તો સમય જ જણાવશે પરંતુ એ વાત સ્પષ્ટ થઈ ચૂકી છે કે કોંગ્રેસમાં પણ આંતરિક ફૂટપાટ જોવા મળી રહી છે.

પ્રવીણભાઈ સોરાણીએ રાજકોટ મિરર સાથે ટેલીફોનિક વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે પક્ષે ભૂતકાળમાં તેઓને અને તેમના ધર્મ પત્નીને ઘણું આપ્યું છે જેથી તેઓ પક્ષના વફાદાર સિનિયર આગેવાન છે પરંતુ જોજ આગેવાનોના કારણે અને રાજકોટ શહેર કોંગ્રેસની કાર્યપદ્ધતિ જોતા આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી તેમના માટે પડકારરૂપ નીવડે તેવું જણાઈ રહ્યું છે. મળતી માહિતી મુજબ તેઓએ જણાવ્યું કે અગાઉ પણ શહેર કોંગ્રેસ કાર્યાલય ફેરવવા માટેની રજૂઆત નવનિયુક્ત પ્રમુખ રાજદિપસિંહ જાડેજા ને કરવામાં આવી હતી પરંતુ ક્યાંક ને ક્યાંક પક્ષ એક જ વ્યક્તિના દોરી સંચારથી ચાલતો હોય તેવું જોવા મળી રહ્યું છે. વધુમાં કોંગી આગેવાને જણાવ્યું હતુ કે તેઓ ચોક્કસ



રાજકારણ કરે છે પરંતુ સ્વમાનના ભોગે તે કોઈ દિવસ નહીં થાય. સાથોસાથ પક્ષની વિચારધારા ને અનુસરી પક્ષ પલટો ન કરવાનો પણ તેઓએ જણાવ્યું હતું પરંતુ હાલની કાર્ય પદ્ધતિ સમક્ષ અચૂક નારાજગી વ્યક્ત કરી હતી.

મળતી માહિતી મુજબ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસ શું કરશે તે અંગે પણ તેઓએ ચિંતા વ્યક્ત કરી હતી અને જણાવ્યું હતું કે હાલ જે કાર્યક્રમો આપવામાં આવી રહ્યા છે તે ખૂબ સારા છે પરંતુ જે પદ્ધતિથી રાજકોટ શહેર કોંગ્રેસ કાર્ય કરી રહ્યું છે તે ભવિષ્ય માટે અંધકારમય સાબિત થઈ શકે છે. કોંગી આગેવાન પ્રવીણ સોરાણીએ જણાવ્યું હતું કે દરેક આગેવાનો તથા પ્રમુખે પક્ષની વિચારધારા ને અનુરૂપ વર્તન અને કાર્ય કરવું જોઈએ જો તે નહીં થાય તો ભવિષ્યમાં આ પ્રકારની કાર્ય પદ્ધતિથી પક્ષને ઘણું નુકસાન પહોંચશે તેમાં કોઈ શંકા ને સ્થાન નથી. તો બીજી તરફ શહેર કોંગ્રેસ પ્રમુખ રાજદિપસિંહ જાડેજાએ કોંગી આગેવાન દ્વારા કરવામાં આવેલા આક્ષેપોને પાયા વિહોણા ગણાવ્યા હતા. ત્યારે એ વાત તો સ્પષ્ટ થઈ ચૂકી છે કે હાલ શહેર કોંગ્રેસમાં ઉકળતો ચરુ ધ્યાને આવી રહ્યો છે જે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પક્ષ માટે પડકારજનક સાબિત થાય તેવું જાણકાર વર્તુળ જણાવી રહ્યા છે.

વધુમાં પ્રવીણભાઈ સોરાણીએ જણાવ્યું હતું કે અગાઉ પણ શહેર પ્રમુખને જે તે સ્થળ પરથી કોંગ્રેસ કાર્યાલય દૂર કરી અન્યત્ર જગ્યા પર ઊભું કરવા જણાવ્યું હતું કારણ કે હાલની જગ્યા પર જૂના અનેકવિધ આગેવાનો મીટીંગોમાં સહભાગી થતા નથી ત્યારે કેમ શહેર પ્રમુખ એક જ સ્થાન ઉપર મીટીંગો ચલાવે છે તે અંગે પણ અનેકવિધ પ્રશ્નો ઊભા થયા છે. સાથોસાથ સંગઠન માળખામાં પણ ઠાલકોઈ યોગ્ય વ્યવસ્થા ન હોવાનો પણ પોગી આગેવાન દ્વારા આક્ષેપ કરાયો હતો. વધુમાં તેઓએ જણાવ્યું કે ભૂતકાળમાં ઈન્દ્રનીલ રાજગુરુ દ્વારા ઉચ્ચતર ભર્યુ વર્તન કરી અન્ય સિનિયર આગેવાનોને હડધૂત કરવામાં આવ્યા હતા જે બાદ હાલના શહેર કોંગ્રેસ કાર્યાલય ખાતે ઘણા ખરા સિનિયર આગેવાનો મીટીંગોમાં ન જતા હોવાનું પણ સામે આવ્યું છે.